# બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रदद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम्
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી અકટોબર સન ૧૯૧૨ અંક ૭ મો.

## भविष्यवाणी.

કવ્વાલિ.

અમારાં બીજ વાવેલાં, ફળીફુલી થશે વૃક્ષો;
ફળો બહુ લાગશે સુન્દર, ઘણા જન ચાખશે ભાવે. ૧.
ફળોનો સ્વાદ લેઇને, પુનઃ જન વાવશે બીજો;
પરંપર બહુ ફળો થાશે, થશે ઉપકારની શ્રેણિ. ૨.
બહુશ્રમ વાવતાં બીજો, વિપત્તિયો પડે શિરપર;
અનાદિથી થતું આવ્યું, મહન્તોનો સ્વભાવજ એ. ૩.
રચે છે સૃષ્ટિ આગળની, જગતની ઉન્નતિ કરવા,
મનુષ્યોના ભલામાટે, મહન્તો સુવિચારોની. ૪.
ચઢાવે ઉચ્ચ શ્રેણિપર, જીવોને જ્ઞાન આપીને,
બની નિઃસ્વાર્થ અન્તરથી, મહન્તોની ગતિ ન્યારી. ૫.
ઘણાં દુઃખો સહીને પણ, ઉદયનાં બીજ વાવે છે;
અમારો માર્ગ વ્યવહારે, બન્યો ભાવી બની રહેશે. ૬.
થશે કિમ્મત પછીથી બહુ, ખુશી થાશે ઘણા લોકો,
પ્રભુનો માર્ગ અનુસરશે, ગુણાનુરાગદૃષ્ટિથી. ૭.
અધિકારજ અદા કરવો, કરી નિષ્કામથી કાર્યો.
" બુદ્ધયબ્ધિ " જ્ઞાનઆરીસો, નિરખવું રૂપ પોતાનું. ૮.

ૐ शान्तिः ३

મહાસુદી. ૧૦ સુરતબંદર. ૧૯૬૮

# પ્રગતિ.

મંદાક્રાન્તા.

જૈનોએ તો પ્રગતિ કરવી હાલનું કાર્ય એ છે.
શ્રદ્ધા ધારી પ્રતિદિન ખરી નીતિનો માર્ગ લેવો,
**છે સંસારે અધિ વિમલતા નીતિ પન્થે વિચરતાં**
**છે નીતિથી અધિ વિમલતા** ભક્તિ પન્થે વિચરતાં ૧.

ધારો નક્કી હૃદયઘટમાં નીતિથી ભક્તિ સાચી,
રંગોનક્કી હૃદય પટને પ્રેમભક્તિ વિચારે;
સાચાભાવે જિનવર પ્રભુ જે ધરે દીલમાંહી,
તેનો નક્કી ઉદય પ્રગટે નીતિભક્તિથકી તો. ૨.

જૈનોનો ઝટ ઉદય બનશે નીતિ ભક્તિ સુસંપે,
જાણો તેવણ કદી નહિ બને દેવતા કોટિ આવે,
જાગીને તો પ્રગતિ કરવી યોગ્ય આચાર પાળી;
ધારી ધૈર્ય પ્રગતિ કરવી સર્વ દુઃખો સહીને. ૩.

ઉદ્યોગી થૈ સતત કરવાં સર્વ સત્કાર્ય પ્રેમે,
શૂરા થને સકલ સહવું સર્વનું શ્રેયધારો,
**ઉંચી દૃષ્ટિ પ્રગતિપથમાં ભાવ ગંભીર રાખો;**
**ધૈર્યે ચાલો ઉદયકિરણો પાસમાં શીઘ્ર આવે.** ૪.

ન્હાના મોટા સકલ સરખા સામ્યદૃષ્ટિથકી છે.
ન્હાના થૈને પ્રતિદિન કરો ભક્તિસેવા જીવોની,
હું મ્હારૂં ના અનુભવ થતાં ભાવ એવો બને છે;
વેગે વેગે શિવપથ વહો પાપનાં કર્મ છેદી. ૫.

જૈનો જ્યાં ત્યાં પ્રકટિત થશો સ્વર્ સમું વિશ્વ થાઓ,
જે જે અંશે શુભ ગુણધરો જૈન તે તેજ અંશે,
સમ્યક્ શ્રદ્ધા પરિણતિવડે જૈનતા સર્વ પામો,
આશીર્વાદો સફલ બનશો પાપના ઓઘ નાસો. ૬.

વ્હેલી વ્હેલી પ્રગતિ કરશો સર્વ અગ્રે જવાને,
ધારો નક્કી વિજય કરમાં ધર્મના તેજયોગે;
ફૂલી મિથ્યા કદી નહિ ફરો મોહના બાગમાંહી;
આનન્દી થૈ પ્રગતિ કરવી દુઃખને શર્મ માની. ૭.

થાશે દહાડા સકલ સુખના દુઃખના દિન જાશે.
આજ્ઞા સાચી જિનવરતણી ધારતાં શુદ્ધભાવે;
વાકયો બોલે બહુ થયું હવે મૂકવું સતક્રિયામાં,
સત્કાર્યોની ફરજ ગણીને સેવજે આશ ત્યાગી. ૮.

વાણી કાયા વશ કરી સદા ચિતને વશ્ય રાખો.
વ્હેલો મોડો વિજય મળશે ગાજશે સત્ય વ્યોમે,
ઉત્સાહી થૈ સતત વહવું, શુદ્ધ આનંદ લેવા,
બુદ્ધયબ્ધિની પ્રગતિજ થશે આત્મના સદ્ગુણોથી. ૯.

૧૯૬૮. ફા. સુદી. ૧૫ પાદરા.

---

## શિષ્ય સદ્બોધ.

મંદાક્રાન્તા.

ઉંચો ઉંચો પ્રતિદિન ચઢી ઠેઠ ઉંચે ચઢી જા,
આવી પાસે વિનય કરીને જ્ઞાનને મેળવી જા;
ધીમે ધીમે ગમન કરીને ચાલ ઊર્ધ્વ પ્રકાશે,
પ્રજ્ઞા હારી બહુતર ખીલો સદ્ગુરૂ સંગવાસે; ૧

પ્રેમે પ્રેમે અતિતર મળી દીલનું હાર્દ લેજે,
શ્રદ્ધા ધારી અધિક વિમલા ધારજે આત્મધર્મો.
સાંખી સાંખી સકલજનનું સર્વનો સાર લેજે,
પેખી પેખી અનુભવવડે પ્રેમથી પન્થ વ્હેજે. ૨.

કાયા વાણી મનથકી સદા શુદ્ધ થૈને વિચર્જે;
ધીમે ધીમે પ્રગતિ કરીને મોહની શક્તિ હર્જે;
બંધો ! હારા હૃદય નિધુની શાન્તતા ખીલવી લે,
આવી પ્રેમે શુભગુરૂકને ધર્મને મેળવી લે. ૩.

સંવત ૧૯૬૮ મહા સુદી ૧૫

# " अध्यात्मज्ञाननी आवश्यकता "

અધ્યાત્મજ્ઞાનમાં રમણતા કરનારાઓ જે કંઈ ખરામાં ખરૂં પ્રાપ્ત કરવાનું હોય છે તે કરી શકે છે. સ્યાદ્વાદભાવે વસ્તુતત્ત્વનો બોધ હોવાથી તેઓ એકાન્ત વાદીઓના આચારો અને વિચારોમાં રહેલું સત્યત્વ અને અસત્યત્વ અવલોકવા સમર્થ બને છે, સ્યાદ્વાદભાવે આત્માને અવબોધનારા અધ્યાત્મજ્ઞાનીઓ વિકલ્પ સંકલ્પરૂપ સંસારને ભૂલી જાય છે અને શુદ્ધ બુદ્ધ ચૈતન્ય તત્ત્વના સ્વાભાવિક આનન્દ રસનો આસ્વાદ ગ્રહણ કરે છે—તેઓના હૃદયાકાશમાં દ્વિતીયચન્દ્રની પેઠે સમ્યક્ત્વ ગુણનું તેજ પ્રકાશે છે તેથી તેઓ અલ્પકાલમાં મુક્તિના અધિકારી બને છે. પૈદ્‌ગલિક સૃષ્ટિમાં રમી રહેલા મનને તેઓ આત્મસૃષ્ટિની અલૌકિકલીલાના સુખમાં લીન કરે છે અને પૈદ્‌ગલિક સૃષ્ટિના પદાર્થોની પેલીપાર રહેલું એવું સહજ સુખ અનુભવે છે.

અધ્યાત્મજ્ઞાની વિચારે છે કે નિશ્ચયનયથી અહો ! મારો આત્મા ખરેખર પરમાત્મા છે, સિદ્ધ છે, બુદ્ધ છે, નિર્લેપ છે, અયોગી છે, અલેશી છે, અકષાયી છે, અચંચળ છે, નિષ્કંપ છે, અયોનિ છે, અજ છે, અખંડ છે—અનંત છે, અપર છે, અપરંપર છે, અયોગી છે, અભોગી છે, અસહાયી છે, અજન્મ છે, અમર છે, વિભુ છે, પ્રભુ છે, ઇશ છે, જગન્નાથ છે, જગદીશ છે, —અશરણ શરણ છે—પરમેશાન છે, બ્રહ્મા છે, વિષ્ણુ છે, શંકર છે, અરિહંત છે, શંભુ છે, સદાશિવ છે, અનંતશક્તિમાન્ છે, અનંત ગુણપર્યાયનું ભાજન છે; અકર્તા છે, અભોક્તા છે, અશોકી છે, નિર્ભય છે, નિર્માની છે, નિર્માયી છે, નિર્લોભી છે, વિકલ્પ સંકલ્પ રહિત છે, અવ્યાબાધ છે, અવિનાશી છે, અરૂપી છે, અક્રિય છે, અનંતજ્ઞાની છે, અનંતદર્શની છે, અનંત વીર્યમય છે, અનંતચારિત્રમય છે, અવેદી છે, અખેદી છે, અસ્પર્શી છે, અવર્ણ છે, અગંધી છે,—અસંસ્થાની છે, રૂપાતીત છે, એક છે, અનેક છે, અસ્તિનાસ્તિ ધર્મમય છે, વક્તવ્ય છે, અવક્તવ્ય છે, અગુરૂ લઘુ છે, અનાશ્રવી છે, અશરીરી છે, મન રહીત છે, વચન રહિત છે, સર્વનો દૃષ્ટા છે, સર્વનો સાક્ષી છે, અનન્ય સુખમય છે,—અબંધી છે, પૂર્ણ છે, નિત્ય છે, ધ્રુવ છે, જ્યોતિરૂપ છે—અસંખ્ય પ્રદેશી છે, સ્વસ્વરૂપ રમણી છે, સ્વસ્વરૂપ ભોગી છે, સ્વસ્વરૂપનો યોગી છે—અનંત ધર્મનો દાની છે,—ષડ્‌ગુણ હાનિ વૃદ્ધિ યુક્ત છે, અધ્યાત્મજ્ઞાની આ પ્રમાણે પોતાના આત્માને ભાવતો ધ્યાવતો અને અનુભવતો છતો શાતાના અને અશાતાના પ્રસંગોને સમભાવે વેદે છે અને સમભાવે રહી અનંત કર્મની નિર્જરા કરતો છતો વિચરે છે—સિદ્ધાન્તોમાં પણ જ્યાં ત્યાં મુનિયોના અધિકાર આવ્યા છે ત્યાં **अप्पाणं भावेमाणे विहरइ** આત્માને ભાવતા છતા વિચરે છે. આપ્રમાણે ઘણાં દૃષ્ટાંતો વાંચવામાં આવે છે—અધ્યાત્મજ્ઞાની પોતાના આત્મામાં રહેલી પરમાત્મસત્તાને નિશ્ચયનયથી ધ્યાવે છે તેનું કારણ એ છે કે આત્મામાં રહેલી પરમાત્મતા ખરેખર પરમાત્મસત્તાનું ધ્યાન કરવાથી પ્રકટી શકે છે. અધ્યાત્મજ્ઞાની જેમ જેમ આત્માનું ધ્યાન કરે છે તેમ તેમ તેને આત્માના અસંખ્યાત પ્રદેશમાં રહેલ અનંત ૠદ્ધિની પ્રતીતિ થાય છે. આત્માનાજ્ઞાનાદિ ગુણોમાં રમણતા કરવાથી જે આનંદ મળે છે તે ત્રણ ભુવનનારૂપી પદાર્થોને અનંતવાર ભોગવવાંથી પણ આનંદ મળતો નથી એવો દૃઢ નિશ્ચય થવાથી પરભાવ રમણતામાં અધ્યાત્મજ્ઞાનિની રૂચિ રહેતી નથી—અધ્યાત્મજ્ઞાનીના શરીરને દેખવા કરતાં તેના આત્માને દેખવામાં તેની મહત્તા

ત્તા જણાઇ આવે છે-અધ્યાત્મજ્ઞાની ચારે તરફ વિષયોના સંયોગોથી ઘેરાયલો હોવા છતાં તેમાં આત્મિકતાનો નિશ્ચય કરતો નથી તેથી પૌદ્ગલિક સૃષ્ટિના પદાર્થોથી તે બંધાતો નથી—અધ્યાત્મજ્ઞાની પોતાના આત્માની અનંત શક્તિ જાણે છે તેથી તે આલસ્યાદિ પ્રમાદના વશમાં આવતો નથી અને અમુક અશક્ય છે એમ તે માની શકતો નથી અધ્યાત્મજ્ઞાની બાહ્યથીજ માત્ર વસ્તુનું સ્વરૂપ દેખી શકતો નથી—તે પોતાનામાં આત્મામાં રહેલી અનંત રૂદ્ધિનો નિશ્ચય કરે છે તેથી તે દીનભાવનો તો સ્વપ્નમાં પણ આશ્રય લેતો નથી આવી તેની અન્તરની દશા થવાથી તે પરના આધારે પરતંત્ર થવાનું કબુલ કરતો નથી. તે પોતાના ગુણોનોજ આશ્રય કરીને સ્વાશ્રયી બનીને અન્યોને પણ સ્વાશ્રયી બનાવવા પ્રયત્ન કરે છે. અધ્યાત્મજ્ઞાની સાત પ્રકારના ભયથી પોતાના ધર્મને ભિન્ન જાણે છે તેથી તે સાતપ્રકારના ભયમાં પણ નિર્ભયી રહેવા મનનો ગુરૂ બનીને મનને ઉપદેશ આપીને નિર્ભય દેશ તરફ ગમન કરી નિર્ભય પરિણામને સેવે છે.

અધ્યાત્મધ્યાનીઓ મનના ઉપર ચઢેલા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ અનંતગુણ ભારને તજી દે છે અને હલકા થઇ શાંતિ પામે છે. તાજી હવાને પ્રાપ્ત કરીને મગજ જેમ પ્રફુલ્લ બને છે તેમ અધ્યાત્મજ્ઞાનિયો અભિનવ અનુભવ જ્ઞાનના વિચારોથી તાજા બને છે અને આનંદની લહેરમાં આન્તર જીવનને વહે છે, અધ્યાત્મ જ્ઞાનિયો પ્રતિદિન અભિનવ જ્ઞાનના તાજા વિચારોને ધ્યાન ધરીને પ્રાપ્ત કરે છે. હાથીની પાછળ કૂતરાં જેમ શોરબકોર કરી મૂકે છે છતાં હાથી કંઇ પોતાનું મગજ પ્રાયઃ ખોતો નથી તદ્વત્ અધ્યાત્મ જ્ઞાનીઓ દુનિયાના મનુષ્યોના ભિન્ન ભિન્ન આક્ષેપોથી—તિરસ્કારોથી.—ઉપાધિયોથી પોતાનું મગજ ખોતા નથી. કદાપિ તેઓ આર્તધ્યાનાદિના ઝપાટામાં આવી જાય છે તોપણ તેઓ જ્ઞાનબળના પ્રતાપે પાછા પોતાના સ્વભાવમાં આવી જાય છે.

અધ્યાત્મજ્ઞાનીઓ જગત્‌ની શાન્તિ સદાકાલ ઇચ્છ્યા કરે છેઃ—કોઇપણ અપરાધી જીવને દુઃખ દેવાની તેઓના મનમાં ઇચ્છા થતી નથી—અધ્યાત્મજ્ઞાનીઓ કોઇનાં મર્મહણાય એવું બોલતા નથી તેમ લખતા પણ નથી. અધ્યાત્મજ્ઞાનીઓ મન—વાણી અને કાયાની શક્તિયોનો ઉચ્ચમાં ઉચ્ચ સદુપયોગ કરે છે તેથી તેઓ જગતના મહાત્માઓ ગણાય છે. અધ્યાત્મજ્ઞાનિયો શ્રીવીતરાગદેવનાં વચનોને અમૃત સમાન ગણે છે અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કર્યા કરે છે. અધ્યાત્મજ્ઞાનિયોનો ધર્મ પ્રેમ પણ ઉચ્ચમાં ઉચ્ચ રહે છે અને તેઓ કષાયનાતીવ્રપરિણામને ભાવના ભાવી ભાવીને મન્દ કરી દે છે. બાહ્ય દષ્ટિધારક મનુષ્યોનો વ્યાપાર જ્યારે બાહ્યનો હોય છે; અને અધ્યાત્મજ્ઞાનિયોનો વ્યાપાર તો અન્તરમાં સદ્ગુણોની પ્રાપ્તિ કરવા માટે ક્ષણે ક્ષણે ચાલ્યા કરે છે, બાહ્ય દષ્ટિધારકો ક્રોધાદિકના પરિણામની તોપ પોતાના તરફ ખડી કરીને ફોડે છે અને અન્તર દષ્ટિધારક અધ્યાત્મજ્ઞાનીઓ તો સમભાવરૂપ તોપવડે મોહ શત્રુને મારે છે. બાહ્યદષ્ટિધારકો ગમે તે રીતે સ્વાર્થાદિના પ્રેર્યા એવા અથિલની પેઠે અનીતિ તરફ વૃત્તિ કરે છે. અને અધ્યાત્મજ્ઞાનીઓ વિવેકના ચક્ષુવડે મોક્ષ પન્થ તરફ પ્રવૃત્તિ કરે છે. અધ્યાત્મજ્ઞાની વિચારે છે કે પોતાની શુદ્ધ ભાવના વડે પોતાના આત્માને પોષવાનો છે. આ સંસારમાં કોઇ વસ્તુ પોતાની નથી. સંધ્યારાગની પેઠે

પદાર્થોની અનિત્યતા છે. જે જડ પદાર્થો માટે મરી મથવામાં આવે છે તે જડ પદાર્થો કદી પરભવમાં પોતાની સાથે આવતા નથી. જડ પદાર્થોને પોતાના મનાવનારી મમત્વની કલ્પના ખરેખર અનેક પ્રકારનાં દુઃખો દેવા સમર્થ થાય છે. અનેક પ્રકારના વ્યાપારોમાં મનુષ્યો રાત્રીદીવસ મરી મથે છે પણ તે વ્યાપારોથી મનુષ્યના આત્માને ખરી શાન્તિ ખરૂં સુખ મળતું નથી ત્યારે શામાટે બાહ્ય પદાર્થોના વ્યાપારમાંજ આયુષ્યની પરિસમાપ્તિ કરવી જોઇએ. જે જે વસ્તુઓને માટે પ્રાણ પાથરવામાં આવે છે તે તે વસ્તુઓ પ્રાણ પાથરનારના આત્માની કિમ્મત કરવાને શક્તિમાન્ નથી એવું પ્રત્યક્ષ જાણતાં છતાં કોણ મનુષ્ય સંસારની વસ્તુઓમાં મમત્વ કલ્પીને ખરી શાન્તિનો શોધ ન કરે ? જગતના જડ પદાર્થોમાં મમત્વ કલ્પ્યાથી તે પદાર્થોના સેવક બનીને શ્રેષ્ઠતાથી ભ્રષ્ટ થઇ તેઓનું રક્ષણ કરવું પડે છે. જે જે પદાર્થો વિના ચાલતું નથી અને જે જે પદાર્થોને સાથે રાખવાની આવશ્યકતા સિદ્ધ કરે છે તે તે પદાર્થો અન્તર દૃષ્ટિથી જુવે તો પોતાની પાસે છે. જે પદાર્થો ખપ કરતાં વિશેષ હોય અને જેઓને પોતાની પાસે રાખવાથી અન્યોને હરકત થતી હોય તે પદાર્થોને પોતે રાખી મૂકીને અન્યોને ન આપતા હોય તે અધ્યાત્મદૃષ્ટિથી દયાનું સમ્યક્તત્ત્વ અવલોકવાને સમર્થ થતા નથી.

આ પ્રમાણે અધ્યાત્મજ્ઞાની વિચાર કરીને પરિગ્રહાદિમાં મમત્વથી બંધાતો નથી. તે શરીરમાં–તથા સંસારમાં છતાં સર્વ પદાર્થોથી પોતાને છૂટો માને છે. અને જેઓ જડપદાર્થોમાં બંધાઇ ગયા હોય છે તેઓને છોડાવવા પ્રયત્ન કરે છે, દુનિયાના મૂઢમનુષ્યો જે જે પદાર્થોની પ્રાપ્તિ માટે અશ્રુઓ પાડે છે તે તે પદાર્થો પ્રતિ અધ્યાત્મજ્ઞાની મધ્યસ્થ દૃષ્ટિથી જોઇ રહે છે. મૂઢમનુષ્યોની રાત્રીના કાલમાં આત્મજ્ઞાનીઓ જાગે છે અને તેઓને જગાડવા પ્રયત્ન કરે છે. અજ્ઞ મનુષ્યો જડપદાર્થો ઉપર રાગ ધારણ કરે છે અને જડ પદાર્થોની પ્રાપ્તિ માટે મરી મથે છે ત્યારે આત્મજ્ઞાનીઓ જીવોના ઉપર શુદ્ધ પ્રેમ ધારણ કરે છે અને તેઓના આત્માનો જ્ઞાન પ્રકાશ ખીલવવા ઉચ્ચ ઉપદેશ આપે છે—અધ્યાત્મજ્ઞાનીઓ સદ્ગુણોનો વ્યાપાર કરવામાં મુખ્ય લક્ષ્ય રાખે છે અને તદર્થે તેઓનું આયુષ્ય વહે છે. અધ્યાત્મજ્ઞાનીઓ ઉપાધિનો ત્યાગ કરીને છૂટાછેડાએ જગતમાં વિચરે છે. તેઓ જે જે કરે છે. જે જે દેખે છે. જે જે સાંભળે છે. જે જે બોલે છે. જે વાંચે છે તેમાં અલૌકિકતા અનુભવે છે. મૂઢ મનુષ્યોની દૃષ્ટિ કરતાં તેઓની દૃષ્ટિ અનંત ગણી શુદ્ધ થવાથી તેઓની આંખે અને તેઓના હૃદયમાં દેખવાનું અને ધારવાનું ઉચ્ચ પ્રકારનું હોય છે–તેઓ ધર્મના વ્યવહાર માર્ગને લોપતા નથી અને ધર્મની ક્રિયાઓમાં ખરી પરમાર્થતાનો અનુભવ કરે છે. અધ્યાત્મજ્ઞાનીઓ પાંજરામાં પુરેલા પંખીની પેઠે સંસારમાંથી મુક્ત થવાની ઇચ્છા ધારણ કરે છે. સાંસારિક પદાર્થોમાં સુખની બુદ્ધિ ન હોવાથી તેઓ આત્મસુખ તરફ વૃત્તિ વાળે છે. અને આત્મસુખ પ્રાપ્ત કરવા દેવ ગુરૂ અને ધર્મની આરાધના કરે છે–રાગ દ્વેષનો ત્યાગ કરીને અને સાંસારિક આશ્રવ માર્ગોનો ત્યાગ કરીને જેઓ આત્માને ભાવતા છતા વિચરે છે એવા મહા મુનિયોને ખરૂં અધ્યાત્મજ્ઞાન મુખ્યતાએ પ્રગટથાય છે. ચોથા ગુણ સ્થાનકવાળા અને પાંચમા ગુણસ્થાનકવાળા જીવોને સમ્યગ્જ્ઞાનરૂપ અધ્યાત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે અને તેથી તેઓ સંસારરૂપ કેદખાનામાંથી છૂટવાને વારંવાર તીવ્ર ઇચ્છાઓ ધારણ કરે છે. ચોથા ગુણ

સ્થાનકવાળા અને પાંચમા ગુણ સ્થાનકવાળા જીવોને સાધુ થવાની તીવ્રભાવના વર્તે છે અને તેથી તેઓ ચોથા અને પાંચમા ગુણસ્થાનક રહી શકે છે. જેઓને સાધુની દીક્ષા અંગીકાર કરવાની ભાવના નથી તેઓ અવિરતિસમ્યગ્ દષ્ટિ ગુણસ્થાનકમાં વા દેશ વિરતિ ગુણ સ્થાક- માં રહી શકતા નથી. સાધુ થવાનો જેના મનમાં પરિણામ ન હોયતે શ્રાવકપણાથી ભ્રષ્ટ થાય છે ઉપરનું ઉચ્ચ ગુણ સ્થાનક ધારણ કરવાની ઈચ્છા વિના ચોથાવા પાંચમા ગુણસ્થાનકમાં રહી શકાતું નથી આત્માને સુખનું સ્થાનભૂત અવબોધ્યાબાદ કોણ બંધનથી મુક્ત થવા ઇચ્છા ન કરે !

---

# [1] " स्वर्गस्थ मुनिश्री अमृतसागरजीना "

## વાઙ્મયહૃદયોદ્ગાર.

અનાદિકાલથી ચોરાશીલાખ જીવયોનિમાં પરિભ્રમણ કરતો કરતો પૂર્વભવના પુણ્યો- દયથી મનુષ્યાવતાર પામ્યો તેમાં પણ ઉચ્ચગોત્ર. ઉચ્ચધર્મ ઉચ્ચદેવ. ઉચ્ચગુરૂ ઇત્યાદિ સર્વ સામગ્રી પામી પુનઃ મોહોદયથી સર્વ ધર્મ સામગ્રીને તજી દુર્ગતિનો પન્થ પામવાને અનેક પ્રકારનાં નિમિત્ત લેઇ પાપોદ્યમી કેમ બને છે ? કાર્યાકાર્યમાં સત્યાસત્યમાં ધર્માધર્મમાં વિવેક દષ્ટિથી વિચાર કર્યા વિના અકાર્યોમાં પ્રવૃત્તિ કરી અસહ્ય દુઃખો પ્રાપ્ત કર્યાં છે એમ જાણીને હવે તું અઘોર મોહ નિદ્રાનો કેમ ત્યાગ કરતો નથી. તારૂં કર્તવ્ય ભૂલાવીને મોહ દશાતને અન્ય માર્ગે દોરશે. ચેત !!! ચેત !!! અત્યારસુધી મોહદશાથી જે જે દુઃખો પડ્યાં તે શું તું ભૂલી ગયો ? તારા આત્માને તું મોહદશાથી દુઃખની શ્રેણિપર ચડાવીને સુખની ઇચ્છા કરે છે તે શું યોગ્ય છે ? હે પ્રભો ! હૃદયની શાંતિ ઇચ્છું છું.

સર્વ જગતના જીવોની સાથે પ્રેમભાવના રાખ કે જેથી પોતાને દુઃખ થાય નહિ. તું મોહવશાત્ અમુક ચીજ મારી છે તેમ હૃદયનાભાવથી માન નહિ. કારણ કે મોહથી માનેલી

---

[1] યોગનિષ્ઠ મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજી મહારાજના શિષ્ય શ્રી અમૃતસાગરજીએ ગત વર્ષમા સુરતમાં દેહોત્સર્ગ કર્યો હતો—તે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરતા હતા. તેમની ખાનગી નોટબુકોમાં તેમણે પોતાનો વિચારો લખ્યા છે. સુરતથી મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજી પાસે તેમની નોટબુકો આવી અને તેમાંની એક નોટબુકમાં તેમણે લખેલા વિચારોને વાંચીને મન- માં એવો વિચાર થયો કે ગુરૂની સંગતિથી શિષ્યોના હૃદયમાં પણ ઉત્તમ વિચારો પ્રગટ થાય છે તેનો લાભ વાંચકોને આપવો જોઇએ. ઇત્યાદિ આશયોના અનુસારે તેમના વાઙ્મય ઉદ્ગા- રોને બહાર પાડયા છે—તેમના વિચારો વાંચવાથી તેમનું આભ્યંતરિક જીવન કેવું હતું તે શ્રોતાઓ સ્વયમેવ વિચારી શકશે—સૂચના. મુનિ. અમૃતસાગરે કોઇ શ્રાવકો ઉપર ઉપદેશના પત્રો લખ્યા હોય અને તે શ્રાવકો. બુ. પ્ર. ઓફીસ ઉપર મોકલાવશે તો યોગ્ય લાગતાં છપાવી પ્રસિદ્ધ કરીશું.

એવી મારી વસ્તુઓજ દુઃખ દેવા વાળી થાય છે અન્યવસ્તુઓ દુઃખ દેવાવાળી થતી નથી.

તારા સમાગમમાં આવે તેને તું હવે (આજથી) મારા તરીકે માનીશ નહિ. અને કદાચ પોતાના સમાગમમાં અન્ય મનુષ્યો આવે તોપણ જલકમલ ન્યાયને અનુસર કે જેથી પરભવમાં દુઃખો ભોગવવાં પડે નહિ. ( **स्वगत** ).

વર્તમાન સમયમાં ઝઘડા ટંટા ચાલી રહ્યા છે. શાસનનો ઉદ્ધાર કયાંથી થાય! શાસનના ઉદ્ધારકો---સાધુઓ ચાલુ જમાનાને નહિ જાણતાં સામાન્ય ગચ્છાન્તરના ભેદોથી પ્રતિદિવસ કુસંપ વધારવાના કારણભુત થાય છે. લેખકો અને વક્તાઓ પોકારી પોકારીને કહે છે કે કુસંપના મૂળનો નાશ કરો પછી તમારી તથા તમારા વીર સેવકોની દિવસે દિવસે ચડતી કલા થશે. પરન્તુ ઝઘડા ટંટા સાથે લેઇને ચાલવાનું હોય ત્યાં ચડતી કલા કયાંથી થાય.

આપણે પરના હિતને માટે ઉપદેશ આપીએ છીએ પણ પોતાનું હિતકર્તવ્ય શું છે તેનો વિચાર નહિ કરતાં ગાડરીયા પ્રવાહમાં સદાકાલ ચાલ્યા કરીએ તો હિત કયાંથી થાય !!!

હવે તો મારા વ્હાલા વીરસેવકો જાગ્રત્ થઇ આપણી સર્વકોમ તરફ ધ્યાન આપવા હૃદયમાં વિચારો. આર્યસમાજીઓ અને ખ્રીસ્તિયો પોતાના ધર્મના ફેલાવા માટે પોતાના ધર્મના અનુયાયીઓ તરફ કેવી ભાવનાથી જુવે છે તેનો વિચાર કરો—આપણા શાસ્ત્રોમાં પૂર્વાચાર્યોએ ચાર ભાવનાનું સ્વરૂપ ભવ્ય જીવોના કલ્યાણાર્થે કહ્યું છે તે પ્રમાણે વર્તીને જૈનશાસનની ઉન્નતિ કરવા કટીબદ્ધ થાઓ.

શ્રીવીર પ્રભુનું શાસન એકવીશ હજાર વર્ષ પર્યન્ત ચાલવાનું છે કોઇપણ તેનો નાશ કરવા સમર્થ થવાનો નથી. સાધુઓ સાધ્વીઓ શ્રાવકો અને શ્રાવિકાઓએ ચતુર્વિધ સંઘરૂપ તીર્થ ગણાય છે એ તીર્થનો કુપંથીઓ નાશ કરી શકશે નહિ. પૂજાવા અને મનાવવા માટે કુપંથીઓ પોતાની મતિના અનુસારે કહે છે અને ભગવાનના વચનોના અનુસારે બોધ દેઇ શકતા નથી.

મુનિરાજો કોઇ પણ જીવનો નાશ કરવા ઇચ્છા કરતા નથી તેઓ શુદ્ધ દેવગુરૂ ધર્મનું સ્વરૂપ પ્રકાશે છે.

ધર્મની આરાધના માટે જીવવાની જરૂર છે પણ આસવાર્થે જીવવાની જરૂર જણાતી નથી. આસવનો ત્યાગ કરીને સંવરનો આદર કરવો એજ મનુષ્ય જન્મનું કર્તવ્ય છે.

# आपणी हालनी स्थिति अने ते शाथी सुधरे.

( લેખક મુનિબુદ્ધિવિજય. અમદાવાદ લવારની પોળ. )

આ વિષય હાથ ધરતાં, અત્યારનું આપણા સમાજ વર્ગનું દિગ્દર્શન કરતાં, તેને લેખ દ્વારા વર્ણવતાં લેખીની થરથર કંપે છે, કર ધ્રૂજે છે, બુદ્ધિનો ક્ષોભ થાય છે કારણ કે જ્યારે આપણે આપણી પ્રાચીન સ્થિતિ વિષે વિચાર કરીએ છીએ ત્યારે આપણને માલૂમ પડે છે કે આપણી કોમની કેવી જાહોજલાલી હતી; જૈનો કેવા ઉન્નતિના શિખરે બિરાજતા હતા ! કેવા કેવા સમર્થ મહાત્માઓ વિદ્યમાન હતા ! ધર્મની ખાતર કેવું કેવું પુરૂષાર્થ ફેરવતા, અને મહાન્ મહાન્ રાજાઓને પણ જૈનધર્મી બનાવી જૈન શાસનની વિજય પતાકા ફરકાવતા ! વિચારોની કેવી આપલે થતી હતી ! દૂર દેશોમાં જૈનધર્મ પાળનારની કેટલી બધી સંખ્યા હતી; શાસનભક્ત અને સંતચરણોપાષક કેટલા હતા; મહામુનિઓ કેટલી બધી સંખ્યામાં બિરાજતા હતા ! જૈનો કેવા ધનાઢ્ય અને વ્યાપારી અને સંપીલા હતા ! હામ, દામ, ને ઠામે કેવા ભરપુર હતા ! રાજકાર્ય વિગેરેમાં કેવા કુશળ અને મોટો દરજ્જો ભોગવતા હતા ! દગા પ્રપંચ અને કપટબાજીનું તથા હુંપદનું નિકંદન કરી સત્યતા, સરળતા, મમત્વ, અને નિર્માનીપણાનું કેવું સામ્રાજ્ય હતું ! આ બધું ક્યાં ગયું ? કેમ ગયું, કેવી રીતે ગયું. આ સવાલ વિચારતાં ભલ ભલાને પણ દુઃખાશ્રુ આવ્યા વિના રહેશે નહિં. કારણ કે અત્યારે એક તરફ જોઇશું તો ગૃહસ્થવર્ગમાં ઘણે ભાગે સ્વાર્થબુદ્ધિનું સામ્રાજ્ય છવાઇ રહેલું છે તેમજ પોતાના ધર્મથી કેટલાક પરાઙ્મુખ માલૂમ પડે છે. વળી સંખ્યાના પ્રમાણમાં ભણેલા પણ જુજ માલમ પડે છે. શાસ્ત્રોનું તો જાણનારની સંખ્યા સમુદ્રમાં બિંદુમાત્ર છે. કેટલાક સુંઠના ગાંગડે ગાંધીની પેઠે અલ્પ જ્ઞાને જ્ઞાનિની કોટીમાં મુકાવવાનો પ્રપંચ કરનાર, સુધારાને નામે ધર્મનું નિકંદન વાળનાર, ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ, સ્હેજ જેવા પોતાના સ્વાર્થની ખાતર, મમત્વની ખાતર, બીજાનું અહિત ઇચ્છનાર, અર્થાત્ પાપડ સેકવાની લાલચે પાડોશીનું ઘર બળી જાય એવી ભાવના ભાવનાર, માંહોમાંહે સ્વાર્થ બુદ્ધિ ને માન દશાના સદ્ભાવે કલેશ, કજીઆ કંકાસને પોષી અહમ્ પણાને ભજનારા, સામાજીક, નૈતિક તેમજ આત્મિક જ્ઞાનમાં પછાત, આવી રીતની અત્યારની સ્થિતિ ગૃહસ્થ વર્ગની જોવામાં આવે છે. જો જૈનોમાં સંપ જારી રહ્યો હોત તો હીરસુરિ મહારાજે અકબર બાદશાહને પ્રતિબોધ કરી જૈનધર્મની જયપતાકા ફરકાવી તથા પાલીતાણે જતાં યાત્રાળુઓ પાસેથી જે કર લેવાતો તે બંધ કરાવેલો તથા શાંતિચંદ્ર વાચકે છમાસ સુધી અકબર બાદશાહ પાસેથી જીવ દયા પળાવવા વિગેરે હાલમાં પણ કેટલીક બાબતમાં ઉપયોગી થઇપડે એવા ફરમાનો મેલવ્યા હતાં તે વિદ્યમાન હોત પણ અફસોસની વાત છે કે તેમાંનું અત્યારે કાંઇ નથી. તેમજ બીજી બાજુ તરફ જોઇએ તો સાધુ વર્ગમાં પણ અમુક અમુકજ ગણ્યા ગાંઠ્યા ભણેલા વિદ્વાન જોવામાં આવે છે. ઉપદેશ દેવામાં જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર જોઇએ પરંતુ જ્યાં તેની ખામી હોયતો પછી તેની અસરો પણ શી રીતે થઇ શકે. એક સાધુ બીજાનું ચાંદુ ખોળે તો બીજો ત્રીજાનું એમ ઘણે ભાગે જોવામાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવને જોઇ ઉપદેશ આપનારની સંખ્યા પણ અલ્પ જોવામાં આવે છે. વળી એક સાધુનો શિષ્ય બીજા સંઘાડાના સાધુ-

પાસે ભણવા પણ જાય નહીં, રસ્તામાં ભેગા મળે પણ પરસ્પર વંદન વ્યવહાર પણ કરે નહિ. આવી રીતે અરસપરસ ગૃહસ્થ વર્ગ તથા સાધુ વર્ગની સ્થિતિ થએલી છે. વળી જો સામાન્ય રીતે કહીએ તો ધર્મજ્ઞાનનો પૂરતા પ્રમાણમાં અભાવ, તત્ત્વજ્ઞાન સમજનારની ઘણે ભાગે ખામી, સંકુચિત અને સ્વાર્થવૃત્તિ, પરસ્પર મોટાઈ મેળવવાની અદેખાઇ, માનઅકરામની લાલસા, સહનશીલતા, દાક્ષિણ્યતા, અને ગંભિરતાની ન્યુનતા, શુષ્કજ્ઞાને પૂજાવાનો આડંબર, દેવદ્રવ્યાદિ વિગેરેની અવ્યવસ્થા, નાયકની ખામી, સામાજીક બંધારણની નિર્બલતા, ખોટીહુંફ, નૈતિક શિક્ષણનો અભાવ, ગાડરીઆ પ્રવાહ જેવી પદ્ધતિ, અંધશ્રદ્ધા, ઉચ્ચ ચારિત્રની વિલુપ્તતા વિગેરે ઘણે ભાગે જ્યારે આવું કોઇપણ દેશ, જ્ઞાતિ, સમાજ, વ્યક્તિમાં બને છે ત્યારે તેની અધોગતિ થયા સિવાય રહેતીજ નથી. તે જોઈ કયા શાસનરાગીઓને લાગ્યાવિના રહેશે? ખરેખર શું આ સ્થિતિ આપણને શોકગ્રસ્ત કરે તેમ નથી? તે શું નીચું જોવડાવે તેવી નથી? આંખમાં શ્રાવણ ભાદરવો વર્ષાવે તેવી નથી? ખરેખર જે વિરભક્ત હશે તેને તો કદિ લાગ્યા સિવાય રહે તેમ નથી. હવે ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણી, આપણે તે સ્થિતિ સુધારવા મથવું જોઇએ. **शुभे यथा शक्ति यतनीयं** સારા કાર્યમાં યથાશક્તિ પ્રયત્ન કરવો તે સૂત્ર અનુસાર દરેક પોત પોતાની શક્તિ અનુસાર તે માટે પ્રયત્નશીલ થવું જોઇએ. આપણી આ સ્થિતિ શાથી સુધરે તે માટે હું મારા વિચાર વાંચકો સમક્ષ રજુ કરૂં છું. હુ જે બે રસ્તા સુચવવા માગું છું તે આપ સર્વે જાણો છો, દરરોજ તેને મુખે સ્મરો પણ છો પરંતુ કેડમાં છોકરૂં ને કહે કે મારૂં છોકરૂં ક્યાં ? એવી રીતે આપણે ઉન્માદને વશ છીએ, તેથી આપણને તે અનુભવમાં આવીશકતું નથી. નહીં તો મને લાગતું નથી કે જૈનોની અત્યારે જે સ્થિતિ છે તે કદિ થાત ! હવે હું જે કહેવા માગું છું, અને આ સ્થિતિ દુર થાય તે માટે કારણ બતાવું છું તે નીચેની ગાથામાં અંતર્ભવે છે.

**खामेमि सव्वाजिवे सव्वे जिवा खमंतुमे.**
**मित्तिमे सव्व भुएषु वेरंमज्जं न केणइ.**

આ ગાથા જે સુચવે છે તે હવે આપણે વિચારીશું. સર્વે દુનિયાના જીવો જો મારો તમારા પ્રત્યે અપરાધ થયો હોય તો હું તમને સર્વેને ખમાવું છું. તમો સર્વેમને ખમાવો. (કારણ કે) હે દુનિયાના સર્વે જીવો ! તમો મારા મિત્ર છો મારે કોઇની સાથે વૈરભાવનથી. બંધુઓ ? મારા ધાર્યા પ્રમાણે તો આપણી સ્થિતિ સુધારવાને આ એકજ ગાથા બસ છે. આગાથાની અંદર મૈત્રીનું પ્રાધાન્ય છે અને એટલું તો વાસ્તવિક રીતે ખરૂંજ છે કે જ્યાં સુધી મૈત્રી નથી ત્યાં સુધી એકયતાનો અભાવ છે અને જ્યાં એકયતાનો અભાવ છે ત્યાં સંપ તો સોડગલાં દુરજ ભાગે છે માટે મૈત્રી ગુણ સર્વે ખીલવવો જોઇએ. મૈત્રીવિના પરસ્પર હૃદયોની ભિન્નતા દૂરજતી નથી. ભેદ ભાવનો સદ્ભાવ હોવાથી હૃદય ગ્રંથી ખીલતી નથી અને જ્યાં હૃદય ગ્રંથી ખીલતી નથી ત્યાં એક બીજા તરફ પ્રીતિનું આકર્ષણ પુરતા પ્રમાણમાં જોઇએ તેટલું થતું નથી. એક બીજાનાં હૃદયોમાં એક બીજા તરફ પ્રેમ થશે તો તેથી કરીને જૈનોનું સામાજીક નૈતિક અને આધ્યાત્મિક બળ વધશે, અને તેથી કરી વિદ્યા અને સુખ સંપત્તિની સદા વૃદ્ધિ થશે. આનંદની રેલમ છેલ થશે. મંગલનાં વાજાં

વાગશે, લક્ષ્મી દેવી વરમાળા સમર્પણ કરશે, જૈનધર્મ ઉન્નતિના શિખરે બિરાજશે કારણકે જ્યાં પ્રેમ છે ત્યાંજ હેમને રહેમ છે. પ્રેમ નથી ત્યાં કાંઇ નથી. પ્રેમ એજ માણુસનું જીવન છે.

મીઠા પાણીની માછલી જેમ ખારા પાણીમાં મરી જાય છે તેમ પ્રેમ વિનાની દશા થાય છે. માટે પ્રેમ ખીલવવો એજ સર્વે દેશ કોમ, સમાજ, વ્યક્તિની ઉન્નતિનું સાધ્યબિંદુ છે. પ્રેમથીજ સંપ થાય છે. કદાચ કોઇએ કંઇ શાસન વિરોધ લખ્યું કે કંઇ તેવી રીતનું કામ કર્યું તો તેને સમજાવી તેના ઉપર કરૂણાબુદ્ધિ લાવી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને વિચારી યોગ્ય ઉપાય લેવા પરંતુ તેને ધિક્કારવાથી, તેને હલકો પાડવાથી, તેની નિંદા કરવાથી, તેનું હરેક રીતે બુરૂં તાકવાથી કંઇ સાર્થક થતું નથી. હંમેશાં પ્રેમથીજ આખી દુનિયા વશ થાય છે. રાગ અપ્રશસ્ય છે પણ પ્રેમ પ્રશસ્ય છે અને પ્રેમ એ એવી વસ્તુ છે કે જેનાથી સર્વ વસ્તુ સાધ્ય થઇ શકે છે. મહાન તિર્થંકર પદ પણ પ્રભુ ઉપરના ભક્તિના પ્રેમથી પમાય છે તો પછી આ સમસ્ત દુનિયામાં એવી તે કયી વસ્તુ છે યા પદવી છે કે જે પ્રેમવીના નિષ્પન્ન થઇ શકે માટે જો આપણી સ્થિતિ સુધારવાનો, જો અદ્વિતીય માર્ગ હોય તો તે મૈત્રી ભાવના યાતો પ્રેમ ભાવના પરસ્પર ખીલવાનો છે. પ્રેમ માટે નીચે લખેલું કાવ્ય ઘણું પ્રશસ્ય છે.

શુદ્ધ પ્રેમી ભક્તિ પામે, ચિત્તની સ્થિરતા મળે,
હૃદય નિર્મલ શુદ્ધ પ્રેમે, શુદ્ધ ચેતનને વરે;
ભેદ સઘળા ભાગતા જ્યાં, ખેદ સઘળા જાય છે,
મ્હારૂં ત્હારૂં જ્યાં નહિં લવ, વાસનાઓ દહાય છે;
શુદ્ધ પ્રેમજ મુક્તિનું શુભ દ્વાર માન્યું પ્રેમીએ,
શુદ્ધ રીતિ નીતિ માંહી, પ્રેમને ઉલ્લેખીએ.

**શ્રીમદ્ બુદ્ધિસાગરજી.**

માટે બંધુઓ ! જો આપણે આપણી સ્થિતિ સુધારવા ચાહાતા હોઇએ તો એકબીજા પ્રત્યે પ્રેમભાવથી જોવું જોઇએ. એકબીજાની મુશ્કેલીના વખતે તેને મદદ કરવી જોઇએ, સંકટ વખતે સહાય કરવી જોઇએ. અહંપદને અભિમાનપણું ત્યાગ કરી સર્વને સમાન લેખી પોતાના સાધર્મિભાઇ જાણી તેના ઉપર પ્રેમભાવના ભાવવી જોઇએ. ખાલી મુઠીએ આવી ખાલી મુઠીએ જવાનું છે તો પછી મનુષ્યજીવનમાં દાન, શીયળ તપ અને ભાવને સ્તુત્ય પ્રકારે અંગીકાર કરવાં જોઇએ જેથી એકબીજા વચ્ચે પ્રેમની સાંકળ જોડાશે, અને સુખ સંપત્તિ અને વૈભવમાં દિવસો વ્યતિત થશે. આ દુનિયામાં કોઇનું માન ટકયું નથી, ટકતું નથી અને ટકશે પણ નહિ, ઉંચા તાડવૃક્ષની કોઇ છાયા પણ લેતું નથી પરંતુ નીચાં વળેલાં ફળફુલ પાનથી ભરપૂર ભરેલાં ડાળી ડાળાંવાળા, ઝાડની છાયા સૌ લે છે, અર્થાત્ અભિમાની દંભીના છાંયડે કોઇ જતું નથી પરંતુ જેઓ નિર્માની અને સરળ હૃદયના હોય છે તેમનો હજારો માણુસ આશ્રય લે છે માટે કોઇપણ ચીજ પ્રભુતાથી પમાતી નથી કારણ કે—

લઘુતા સેં પ્રભુતા વધે, પ્રભુતાસેં પ્રભુદૂર !
કીડી સુંનચુંન ખાઇએ, ગજ શીર ડાલે ધૂળ !

માટે કોઇપણ માણસે, પૈસાનો, વિદ્યાનો ખાનદાનીનો અભિમાન ન કરતાં સર્વને પોતાના આત્મા સમાન લેખી મૈત્રી ભાવને ખીલવવો જોઇએ. **आत्मवत् सर्वभूतेषुयः पश्यति सः पश्यति ॥** સર્વને પોતાના આત્માતુલ્ય લેખી સર્વને પ્રેમભાવે નીરખવું જોઇએ. આથી કરીને દરેક વસ્તુઓ આપણે પ્રાપ્ત કરવી સુલભ થશે, અને સુખ શાન્તિથી આપણે આગળ વધીશું. વળી તેથી કરી દુનિયાના સર્વ ધર્મ કરતાં આપણો ધર્મ આપણે ઉંચ પંક્તિએ મુકી શકીશું તેમજ દુનિયામાં કોઇપણ પ્રજા કરતાં આપણે વધારે સુખી થઇશું માટે ઉપરની ગાથામાં મૈત્રી ભાવનાનું જે સ્ફોટન કરેલું છે તેને દરેક બંધુઓ હૃદયમાં સોનેરી અક્ષરે કોતરી રાખશે અને તેને અમલમાં મુકી, સુખ શાન્તિ અને દિવ્યજ્ઞાન મેળવશે હવે હું જે બીજા કારણપરત્વે આપનું ધ્યાન ખેંચવા માગુ છું તે પરસ્પર મૈત્રીભાવના–પ્રેમભાવના ખીલવી **જ્ઞાનની આરાધના** કરવી તે છે. જ્ઞાનએ ચાટલું છે. કોઇ માણસનું મુખ કાળું થએલું હોય અને જો કોઇ બીજો માણસ તેને કહેવા જશે તો તે ઉલટો સામા માણસની સાથે લઢવા લાગશે પરંતુ જો તેના આગળ ચાટલું કે આરિસો મુકવામાં આવશે તો તે પોતાની મેળેજ જોઇ શકશે કે મારૂં મુખ કાળું છે. આના માટે નીચેના એક નાનકડા દ્રષ્ટાંતપ્રત્યે હું વાંચકવૃંદનું લક્ષ્ય ખેંચું છું. એક વખત એક છોકરાએ પોતાનો પિતા મરી ગયો તે વખતે પોતાના મામાને બોલાવી પોતાના ઘરમાં જે નંગની પોટલી હતી તે પોતાના માંમાને બતાવી. તેનો માંમો ઝવેરી હતો તેથી તે નંગોને તેણે પારખ્યાં પરંતુ તે ખોટાં નંગો હતાં તેથી તેના ભાણેજને તેણે કહ્યું કે ભાઇ હમણાં તું આ પોટલી રહેવા દે આપણે જ્યારે ઝવેરાતનો ભાવ આવશે ત્યારે આ નંગો વેચીશું. એમ કહી તે પોટલી રહેવાદીધી અને તેના ભાણેજને ઝવેરાતના ધંધામાં કુશળ કર્યો. હવે જ્યારે તે પુરો વાકેફ થયો ત્યારે તેના મામાએ એક દિવસ તેને કહ્યું કે ભાઇ હવે તારી પોટલી લેઇ આવ અત્યારે ભાવ વધારે છે માટે આપણે તેનો ખુરદો કરીએ. આથી તે છોકરો તે પોટલી લાવ્યો ને પછી અંદર જુએ છે તો તે ખોટાં નંગ છે એવું તેણે તેના માંમાને કહ્યું. હવે વિચારો કે જો તેના માંમાએ પ્રથમ તેને કહ્યું હોત ! કે આ નંગો ખોટાં છે તો તે છોકરો મામા વિષે કેવો અભિપ્રાય બાંધત માટે દરેક મનુષ્યે જ્ઞાન મેળવવાની આવશ્યકતા છે. તેથીજ સારૂં નરસું હેય, જ્ઞેય અને ઉપાદેય વિગેરે માલમ પડી શકશે. પરસ્પર પ્રેમના સદ્ભાવે શાંતિ પ્રગટે છે અને શાંતિથી જ્ઞાન ધ્યાન સારૂં કરી શકાય છે માટે મૈત્રી ભાવનાને પ્રથમ પદ આપ્યું છે. મૈત્રી ભાવના એ ચારિત્રનો વિષય છે અને જ્ઞાન તે ખીલવવાના કારણીભુત છે. જ્ઞાનથી ક્રાવે તેવાં કર્મ હોય છે તો તે ટળી શકે છે અને મુક્તિપરાયણ જીવ થઇ શકે છે.

જ્ઞાની શ્વાસોશ્વાસ મરિ
કરે કઠીણ કર્મનો નાશ.

જ્ઞાન એ એવી ચીજ છે કે ક્રાવે તેટલાં આર્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયાં હોય પણ જો સદ્જ્ઞાન સમ્યક્જ્ઞાન જો ઉચ્ચ સ્થિતિનું પ્રગટે તો એક અંતર મુહુર્તમાં ઘણા લાંબા વખતનાં કર્મનો એક ઘડીમાં ક્ષય થાય છે:

अंतो मुहुत्तं मित्तंपि, फासीअं जेहिं हुज्ज सम्मत्तं
तेसिं अवड्ढपुग्गल परिअट्टोचेव संसारो.

જીરણશેઠ પ્રશનચંદ્ર રાજર્ષી શ્રેણીક મહારાજા વિગેરેના ઘણા દાખલા તે જાણુવાને વિદ્યમાન છે માટે સદ્દજ્ઞાન ખીલવવું એ ઘણું અગત્યનું છે. છેવટ લખવાનું કે. દરેક બંધુ મૈત્રીભાવનું યાને પ્રેમભાવનાનું અને જ્ઞાનનું આરાધન કરી અત્યારની જે આપણી સ્થિતિ થએલી છે તેને દુર કરશે એવી વીરપરમાત્મા પાસે અભ્યર્થના કરૂં છું. ઇત્યલમ્.

---

# समरादित्यना रास उपरथी.

( લેખક.—મુનિ માણેક. કલકત્તા. )

( અનુસંધાન ગતાંક પાને ૧૭૧ થી )

ખરે ધન્ય જન્મ નમ્યો આપચર્ણે,
થશે દુઃખ દૂરે સુણી વાણી કર્ણે;
ગુરૂસેવના દેવનાં સુખદાત્રી.
મળે પૂર્ણ પુણ્યે સીધી હોય ધાત્રી.
ચર્ણકમળે લીન થઇ. સેવા ચાહું આજ,
સેવકને સહાયી થવા સામું જો મહારાજ.

મધુર વચનથી પશુ પક્ષી પણ વશ થઇ જાય છે તો જેના દિલમાં સંસારવાસના નાશ પામી છે અને પરમાત્માનું સ્તવન કરવામાંજ જેની વ્રુતિ વાસ કરી રહી છે તેવા તપસ્વીના કોમળ હૃદયને શા માટે રંજન ન કરે ! તેથી તપસ્વીએ તેના ઉદ્ધાર માટે જાપ બંધ કરી સ્થિર દૃષ્ટિએ તેની તરફ દૃષ્ટિ કરી વિનયી શિષ્યને કોમળ વચને દિલાસો આપી ઘાસના આસન ઉપર બેસાડી આવવાનું કારણ પૂછવા લાગ્યો !

જેમ બાળકને કોઇ પીડતું હોય ત્યારે માતાપિતા આગળ ગળગળે અવાજે રોતે રોતે સર્વ દુઃખ કહી બતાવે છે તેમ તાપસોના નાયકને શાંત પ્રકૃતિ અને દિવ્ય તેજસ્વીરૂપ વાળા દેખીને મોટો આશ્રય મળેલો જોઇ પોતાનું જન્મથી માંડીને અત્યાર સુધીનું સઘળું દુઃખ સંભળાવ્યું ત્યારે તેને ધૈર્ય આપવા તાપસ નાયકે ઉત્તર આપ્યો કે.

કર્યાં પાપ પૂર્વે અહીં ભોગવાયે,
મરે માતપિતા ધન નાશ થાયે;
કુરૂપે વળી લોકમાં હાંસી હોવે,
પડે માર ત્યાં કોઇ ન સ્હાયી જોવે.

પણ અહીં ધર્મ આરાધતાં પૂજે સઘળા લોક;
પ્રબળ પુણ્ય આધારથી કેમ રહે ત્યાં શોક,

આ પ્રમાણે અમૃત જેવાં શાંતિનાં વચન સાંભળી તે દ્વિજ પુત્રે કહ્યું કે હે પ્રભો! જો મને યોગ્ય જુઓ તો તાપસ ધર્મનાં વ્રત આપો ત્યારે તાપસોના ગુરૂએ ઉત્તર આપ્યો કે હે વત્સ! તારા વિનયથી અને વર્તનથી તથા વૈરાગ્ય દશાથી તું તાપસનાં વ્રતોને યોગ્ય છે તો શા માટે વ્રત આપવામાં નહિ આવે. છતાં પણ વ્રતોના જ્ઞાન વિના વ્રત પળી શકે નહિ માટે પ્રથમ તું વ્રત સમજી લે. તેણે હા પાડવાથી તેને વ્રતોનો અધિકાર તથા તાપસોનો આચાર સમજાવ્યો. સઘળી વસ્તુ પ્રાપ્ત થવી એ નશીબના આધારે છે છતાં પણ નશીબ કરણીના આધારે છે માટે તે શિષ્ય સારી રીતે વ્રતો પાળી સદ્ગતિ પામે તેવા હેતુથી તેની અતિશે આતુરતા છતાં પણ સારૂં નક્ષત્ર! તીથિ વાર યોગ ગ્રહ તપાસી શુભ મુહુર્તે કેટલાક દીવસ રાહજોઇને પછી દિક્ષા આપી—ગમે તેવાં કષ્ટ હોય તોપણ તે વ્રતોના પ્રભાવથી નાશ પામે છે અને અશુભ કર્મ જે લાંબો કાળ દુઃખદાયી છે તે પણ તપશ્ચર્યા તપવાથી એકદમ થોડા કાળમાં નાશ થાય છે તેવું તે દ્વિજપુત્ર જાણતો હોવાથી તથા પોતાને ખમવું પડેલું અપમાન તથા કુરૂપ તથા માતતાતનું મરણ ધનનો નાશ વિગેરે વારંવાર યાદ આવતું હોવાથી એક દમ દૂર થઇ સુખ પામવા દુઃખગર્ભિત વૈરાગ્યથી પોતાના ગુરૂને કહેવા લાગ્યો હે પ્રભો! આપના પ્રબળ આશ્રયથી આવું શ્રેષ્ટ તાપસવ્રત પામીને મારાં સઘળાં પાપ નાશ થવા માટે મહા પ્રતિજ્ઞા પૂર્ણ ભાવથી કરૂં છું કે મારે એક એક માસના આજના દિક્ષાના દીવસથી માંડીને ઉપવાસ છે—અને પારણાના દિવસે પહેલે ઘેર જેવો આહાર મળે તેવો લેઈ કંઇ ન મળે તો એમનો એમ પાછો ફરી મળેલો આહાર ખાઇને કે ન મળે તો તે દિવસે પણ ઉપવાસ કરી પાછા એક મહિનાના ઉપવાસ કરવા પણ આહાર માટે પારણાના દિવસે બીજે ઘેર આહારની વાંછા માટે જવું નહિ. આ પ્રમાણે સર્વેના દેખતાં પ્રતિજ્ઞા કરી ઘણાં વર્ષો સુધી તે પ્રમાણે માસ માસની તપશ્ચર્યા કરી કાયાને તથા કર્મને ગાળવા માંડયાં તેમ દિવસે દિવસે તેનો ભાર પણ વધવા લાગ્યો.

ગુણના સૌ સંગી હોય છે. ધર્મ સર્વને પ્રિય હોય છે. નિરાકાંક્ષીના સર્વે ઉપાસક હોય છે તપનો પ્રભાવ બીજા ઉપર છાપ પાડી શકે છે. લોકમાં પણ કહેવત છે કે તપેશ્વરી તે રાજેશ્વરી. સૂત્રમાં પણ સંભળાય છે કે ઇંદ્રોપણ પૂર્વે મહાન્ તપશ્ચર્યા કરીને ઇંદ્રપદ પામ્યા છે સઘળી લબ્ધિઓપણ તપશ્ચર્યાથી પ્રાપ્ત થાય છે. રોગો આભવમાં પણ શાંત પામી જાય છે ઇંદ્રીયોની ઉન્મત્તતાને ક્ષણ વારમાં નાશ કરે છે. એક ઉપવાસ પણ મહાન્ લાભને આપનારો થાય છે તો જે નિરંતર માસમાસના ખરેખર ઉપવાસ કરે તેને કોણ પૂજવા ન જાય! તેના ચરણમાં કોણ શિર ન નમાવે? તેની આશીષ કોણ ન વાંછે? ગામના રહેવાસી તો શું પણ ત્યાં આશ્રમમાં રહેલા તપસ્વીઓ પણ તેની આવી ઉત્કૃષ્ટ તપશ્ચર્યા જોઇ આશ્ચર્ય પામી તેને મહા પ્રભાવક પુરૂષ માની તેની બરદાસ કરવા તૈયાર થયા હતા. સ્વયંપોતે તાપસનાયક પણ તેને શ્રેષ્ટ માનવા લાગ્યો હતો. આવનથી નજીકમાં વસંતપુર નામનું ગામ હતું ત્યાં તે તપસ્વીનો મહિમા લોકમાં પ્રસરવાથી તેના દર્શનાર્થે ઘણાલોક આવવા માંડયા હતા. અને ઉદ્ઘોષણા કરતા હોય તેમ મોટે ઉચ્ચારે તે તાપસ આશ્રમમાં તથા પોતાના ગામમાં બોલતા હતા કે.

નહિ જેહને નિજ કાયેપિ મોહ,<br>
તજ્યું સુખ સંસારનું દુઃખ રોહ;

ખરે તારશે સેવતાં એ તપસ્વી,
નહિ કોણ એ ચાહશે જે મનસ્વી.

સંસારમાં રહેલા સઘલા જીવો મોટે ભાગે સંસારી સુખના અભિલાષી હોય છે તેમાં કોઇ ક પરલોકના સુખના પણ વાંછક હોય છે. તેઓ સઘળા એટલું તો માને છે કે તપશ્ચર્યાથી તે મળે છે પણ જેઓને ક્ષુધા વેદની ન સહન થતી હોય કે જીભ રસના સ્વાદુ હોય તેમની આકાંક્ષા તપશ્ચર્યા કરવાને થતી નથી પણ તેઓના દિલમાં એવો ભાવ ઉત્પન્ન થાય છે કે તેવા તપસ્વીઓના ચરણની ઉપાસના કરી આશીર્વાદ મેળવવાથી તપશ્ચર્યા કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે તથા કદાચ તે શક્તિ ઉત્પન્ન ન થાય તોપણ ખરાભાવથી તપસ્વીની પર્યુપાસના કરવાથી તપશ્ચર્યા કરવાનો પણ લાભ થાય છે તેથી ઘણા માણસો પોતાનું કાર્ય કર્યું ન કર્યું કે તુર્ત ત્યાં વનમાં આવી તાપસોની સેવા કરતા. તેમ કોઇ પર્વનો દિવસ આવે ત્યારે ગમત છોડીને પણ ત્યાં આવી તે તપસ્વીના ચરણની પર્યુપાસના કરતા. આવી રીતે દૂર દેશાવરમાં પણ તે તપસ્વીની કિર્તિ ફેલાવા માંડી હતી. જે પૂર્વે લોકોનું અપમાન પામતો સૌને બેડોળ લાગતો જેની સૌ મસ્કરી કરતા તેના ચરણની ઉપાસના કરવાને મોટા મોટા શ્રીમંતો પણ આવતા અને પોતાનું ભલું થાય તથા પોતાનાં બાળ બચ્ચાનું કલ્યાણ થાય માટે નાનબાળકોને પણ પગે લગાડવા લઇ જતાં હતાં.

જેમ પુરૂષો પણ સંસારમાં દુઃખી હોય છે તેમ સ્ત્રીવર્ગ પણ દુઃખી હોય છે તેમાં કોઇને પુત્રની વાંછા, કોઇને સૌભાગ્યની વાંછા, કોઇને પતિનો પ્રેમ કોઇને પુત્રના સુખની વાંછા એમ અનેક પ્રકારે સુખો મેળવવાની વાંછા અને દુઃખને દૂર થવાની વાંછા હોવાથી પોતાના પતિસાથે કોઇ વૃદ્ધ સ્ત્રીઓ પુત્ર સાથે કોઇ કુમારિકાઓ માતપિતાની સાથે તે આશ્રમાંતપસ્વીને નમસ્કાર કરવા જતી હતી. આવી રીતે તે વન પ્રથમ શાંત એકાંત લાગતું તે હવે લોકોની બહોળી આવજાથી ગાજી રહ્યું હતું. ગાડી ઘોડા રથ પાખલીઓનો મોટો જમાવ આશ્રમની આજુ બાજુ થવા માંડયો. પ્રથમતો વસંત રૂતુજ લોકોને આવવા આકર્ષણ કરતી પણ હવે તો તે તપસ્વીના પ્રભાવથી છએ રૂતુમાં લોકો આવવા લાગ્યા હતા. પ્રથમતો આંબાનો મહોરખાઇ વસંત રૂતુમાંજ કોયલ બોલતી હતી પણ હવે તો જરા પણ વરસાદ ખુલે કે વર્ષા રૂતુમાં તથા શિયાળા ઉનાળામાં સર્વદા કોકીલકંઠી સુંદરીઓ વડીલો સાથે તપસ્વીને વંદન કરવા આવી વખત મળતાં તે આશ્રમની બહાર મધુર સ્વરે તપસ્વીની સ્તુતિનાં પદો ગાવા લાગી હતી !

---

# अबळाओनी शोचनीय स्थिति.

( લેખક. મંજુબ્હેન બાલાભાઈ. અમદાવાદ )

આસપાસ તપાસતાં આપણને આપણી બાળાઓની શોચનીય સ્થિતિ માલમ પડે છે. માટે આપણી બાળાઓની શોચનીય સ્થિતિનું પૂર્ણ રીતે દિગ્દર્શન કરવા સારૂ અને તેને લગતા ઉપાયો લેવાસારૂ આપણે તેના ત્રી વર્ગ પાડીશું ૧ કુમારીકા. ૨ પત્નિ અને. ૩ વિધવા. આ દરેકના ઘણા ઉપવિભાગ થઇ શકે.

અર્વાચીન સમયમાં જે જે કુટુમ્બોમાં બાળા જન્મ ધારણ કરે છે, તે તે કુટુમ્બોમાં તે બાળાઓ માબાપને શોકકારક થઇ પડે છે. મા બાપો બાળાઓને જન્મથીજ અવગણના કરવામાં બાકી રાખતા નથી. પણ સુભાગ્યે જો પુત્ર જન્મે છે કે તેની વધામણી ગવાય છે, આનંદ ઉત્સવ થાય છે અને સાકર આદી મીઠાઇ વહેંચાય છે, આટલું આટલું પુત્રજન્મમાં થાય છે, ત્યારે પુત્રી જન્મમાં દીલાસાના શબ્દો ઉચ્ચારાય છે. કુટુમ્બમાં નિરાશા અને ઉદ્વેગજ પેદા થાય છે, ઉદાસીનતા પથરાય છે અને ચોકખી રીતે શોકજ દર્શાવાય છે, કારણ કે સ્ત્રી જન્મ મોટા પાતકોના અંતેજ થાય છે એમ મનાય છે.

પુત્ર એક રત્ન સમાન લેખવામાં આવે છે ત્યારે પુત્રીને એક પથરોજ લેખવામાં આવે છે.

પ્રાચીન સમયમાં બાળાઓને કેળવણી આપી ઉત્સાહી બનાવવામાં આવતી હતી ત્યારે અર્વાચીન સમયમાં બાળાઓને નિરૂત્સાહિ અને નબળા મનની બનાવવામાં આવે છે.

આર્ય માતાઓ પુત્રીનો જન્મ કુટુમ્બમાં જ્યારથી થાય છે ત્યારથીજ " પત્થરો " અને "રાંડ" જેવા હલકા શબ્દોનો તે અજ્ઞાન બાળાના કર્ણમાં પ્રહાર કરવામાં આવે છે. આવા આવા હલકા શબ્દો હંમેશાં સાંભળવાથી અને તેનો પુરતો પરિચય હોવાથી, જે માતાને પુત્રીનો જન્મ આપવો પડે છે તે નિરાશ અને શોકગ્રસ્ત થાય છે કારણ કે પુત્ર જન્મથી જેટલું માન મેળવવાની આશા હતી તે લુપ્ત થાય છે. એટલુંજ નહિ પણ અજ્ઞાન સાસરામાં તે પુત્રીવતી માતાને મેણાં ટુણાં ખાવાં પડે છે અને જો પુત્રીવતી માતા વિધવા થાય તો પુત્ર વતી વિધવા કરતાં ઓછા હક થાય છે. મતલબ કે પુત્રી જન્મને પુત્રની પેઠે આવકારલાયક ગણવામાં આવતો નથી.

પુત્ર જે માગે તે મળે અને સંભાળથી ઉછેરવામાં આવે છે અને સર્વ રીતે રાજી કરવાને બાકી રાખતા નથી અને તેના શીક્ષણ ઉપર તેના મન અને શરીર કેળવવામાં સંભાળ રાખવામાં આવે છે. ત્યારે પુત્રીને આમાંનું કશું કરવામાં આવતું નથી. તે ફક્ત ઘરના કામકાજ અને બોજા ઉપાડવા માટેજ ઉછેરવામાં આવે છે, એમ કહીએ તો ખોટું નહિ ગણાય. ભવિષ્યમાં જેઓ પુત્રોની માતાઓ થવાની છે તેમના ઉપર આવીજ કાળજી રાખવામાં આવે છે.

પોતાની જાત અધમ અને હલકી છે એવું નાનપણમાંથીજ બાળા જાણી જાય છે અને તેના મનમાં બીક અને અશક્તિ નાહાનપણમાંથીજ પેદા થાય છે.

એક મહાન પુરૂષ કહે છે કે "ભીતી અને અશક્તિનું પરિણામ સર્વથા અનિષ્ટજ હોવું જોઇએ" ઉપર પ્રમાણેની માન્યતા વાળી બાળામાં હોંસ હિંમ્મત કે શારિરીક બળ આવેજ ક્યાંથી ?

ઉપર પ્રમાણે સ્ત્રીઓને બાલ્યાવસ્થાથી કંઇ સબળ કારણ વિના હલકી ગણવામાં આવે છે. નાનપણથીજ તેની કેળવણી કે ઉન્નતિની દરકાર રાખવામાં આવતી નથી. તેને નાનપણમાંથીજ અજ્ઞાનતામાં ઉછેરવામાં આવે છે અને તેમના તન મન અને બુદ્ધિના વિકાસ માટે કાંઇ કાળજી રાખવામાં આવતી નથી. તેમની તંદુરસ્તી અને તેમના પોષણ ઉપર ઘણું ઓછું લક્ષ રાખવામાં આવે છે. ફક્ત તેના બદલામાંજ "તેને ક્યાં રળવા જવું છે" વળી "તેને પારકે ઘેર મોકલવાની છે" એવા એવા વાક્યોના ઉચ્ચારો કરવામાં આવે છે. મંદવાડમાં તેની પુરતી માવજત કરવામાં આવતી નથી અને પુત્રીના મોતનો વધારે શોક લેખાતો નથી.

નાનપણમાંથીજ "રાંડ" જેવા શબ્દોથીજ તેઓને સંબોધવામાં આવે છે અને કેટલીક વખતે પુત્ર પુત્રી વચ્ચે ચોખ્ખો ભેદ બતાવવામાં આવે છે અને તેમના તરફ કહોરતાથી વર્તવામાં આવે છે. આવી રીતે આપણી સ્ત્રીઓનાં જીવનની શરૂઆત થામ છે.

માતાની નબળાઇને લીધેંજ કન્યાઓ બાળપણથીજ નબળી જન્મેછે. વળી બાળ લગ્નથી તેમનો બાંધો પરીપકવ થતાં પહેલાં નબળો અને નરમ પડી જાય છે. સ્ત્રીઓની આવી સ્થિતિ ઉપરાંત એક બે સુવાવડોમાં તેઓનાં શરીર સોસાઇ જાય છે તેથીજ હિસ્ટીરીઆ, ક્ષય, અને નબળાઇના રોગ ઠામઠામ જોવામાં આવે છે. પીયરમાં કે સાસરામાં શરમ અને મર્યાદાને (રોગ ન કહી શકવાના) લીધે તેઓને ગંભીર પ્રકારનાં દુ:ખો ભોગવવાં પડે છે. પોતે સમજે નહિ. કોઇને પૂછે નહિ કહેતાં લજ્જાય આવી રીતે શરમમાં ને શરમમાં તેઓના રોગો વધી જાય અને તે રોગોને દુર કરવા પણ મુષ્કેલ થઈ પડે. કુભાગ્યે તેઓનું કજોડું હોય તો તેમના મનમાં વ્યથા વિગેરે વિગેરે દુ:ખોને લીધે સ્ત્રીઓની તંદુરસ્તી બગડવાનાં અને નબળા રહેવાનાં કારણ સમજવાં.

વળી નાનપણમાં લગ્ન થવાથી પતિની, સાસુ સસરાની ચિંતાને લીધે તેઓની માનસિક બુદ્ધિનો ક્ષય થાય છે. આવા વિચારોના સંબંધમાં ઉછરેલી શુદ્ધ હવાનો લાભ ન લઇ શકે અને મનમાં ઉત્પન થતી સ્વાભાવિક ઇચ્છાઓ અને યોગ્ય સ્વતંત્ર વૃત્તિને દબાવી દેવામાં આવે ત્યારે તેઓ ફીકા ચહેરાવાળી, તાણ, હિસ્ટીરીઆ અને ક્ષય જેવા રોગોવાળી, ઉદાસીન ચહેરાવાળી, નિર્માલ્ય અને નિસ્તેજ વદનવાળી થાય એમાં શી નવાઇ ?

આવી આવી રીતે આર્યાવૃત્તની સુંદરતા લુપ્ત થઇ તેમાં શી નવાઇ ? બાળા અબળા, હલકી, અને અધમ ગણી તેમનાં તન મન કેળવવામાં બેદરકારી રખાય તો પછી સારૂં પરિણામ ક્યાંથીજ આવે ?

આપણામાં ઘણીખરી કન્યાઓને ફક્ત પહેલી બીજી ચોપડી જેટલીજ કેળવણી આપવામાં આવે છે, આપણી કન્યાને ગૃહકેળવણી તો જુજ આપવામાં આવે છે અને નાનપણથી વિવાહ થવાથી વર, સાસુ, અને સસરો વિગેરે શબ્દો તેમના કાનમાં અથડાય છે. આજ કાલ કેળવણી તે ફક્ત ગુજરાનના સાધન માટે ગણાય છે અને કાઠીઆવાડ જેવા દેશમાં તો ઘણીખરી બાળાઓને કેળવણી આપવામાં આવતીજ નથી. કેટલાક માબાપો પોતાની

બાળા ઘેર રૂએ એમ ધારી નિશાળે મોકલે છે કે જેથી કરી તેના કકળાટથી દુર રહિ તેઓ ગ્રહકાર્ય કરી શકે.

અમારી આર્ય ભુમીની અજ્ઞાન માતાને બાળીના નાક વિંધવાની, અને હાથે છુંદણાં, અને બાળકોને ઘરેણાંથી સજવામાં જેટલો ઉત્સાહ છે તેનાથી દશમા ભાગનો ઉત્સાહ બાળકની કેળવણી આપવામાં હોતો નથી એ ઘણું શોચનીય છે.

અર્વાચીન કેળવણીનોજ કંઇક આવો પ્રભાવ છે કે ભણેલી ગણાતી સ્ત્રી, પતિની કમાણી તરફ બીલકુલ ધ્યાન આપતી નથી અને સર્વ કામ ચાકર નફરને સોંપે છે. પોતાની તંદુરસ્તી જળવાઇ રહે એટલું કામ ન હોવાથી તે વીચારમાં પડે છે. આવી રીતે તેઓની તંદુરસ્તીની પાયમાલીથી ડાકટરોના દવાખાનાની ઉન્નતિ થાય છે વળી તેઓ મોટાને માન આપતાં સંકોચાય છે અને નાનેરાંઓની સાથે વાતચીત કરવામાં લજાય છે, અને પોતા કરતાં તુચ્છ ગણે છે. કેટલીવાર કેળવાયેલી બાળા વધારે ચંકોર, વધારે મળતાવડી, તેમજ વાતચીતમાં વધારે રસીલી જણાય છે પણ તેજ સાથે વધારે ચીબાવલી, ઇર્ષા કરનારા મનની મલીનતા અને પાપ વૃત્તિઓ વાળી માલમ પડે છે તેથી આવા આવા દુર્ગુણોને દુર કરવાને કેળવણીની ખાસ આવસ્યકતા છે. ઉપર પ્રમાણે તેમની કેળવણી અને તેના પરીણામની સ્થિતિ છે. ગુજરાત અને કાઠીઆવાડમાં ઘણા કુટુમ્બો અજ્ઞાન છે, તેઓ ફક્ત અક્ષરો વાંચતાં લખતાંજ શીખે છે, અને તે આવડયા એટલે કેળવણી પુરી થઇ એમ સમજે છે, પણ તે તેમનું અજ્ઞાન છે.

આજ કાલ માબાપો છોકરીઓની ઉન્નતિ માટે નાની બાબતમાં લક્ષ નથી આપતા તેથી હું તે તે માબાપોને વિનવું છું કે જેવી રીતે એક દુધપાકના તાવડામાં ઝેરનો કટકોજ નાખવામાં આવે છે તો આખો તાવડો નકામો થઇ જાય છે તેવીજ રીતે છોકરીઓની નાની નાની ખોટી બાળ ચેષ્ટાઓ દુર્ગુણોના ડાઘ લગાડયા વિના રહેતી નથી, માટે હંમેશાં નાની બાબતમાં ઘણું લક્ષ આપવાની જરૂર છે. અહીંથી હું વીરમું છું.

---

# યશ ની ગુરુકુંચી !

( પાદરાકર. )

કોઇપણ કાર્યમાં યશ કે અપયશ મળવો એ ઘણે ભાગે આપણા મનની સ્થિતિપર અવલંબીને રહે છે. કાર્યનો આરંભ કરતાં પહેલાંજ આપણે હતાશ થઇએ તો આપણી શક્તિનો ધ્વંસ થાય છે, અડચણ આવતાંજ આપણી બુદ્ધિ ગુમ થઇ જાય છે ને પછી આપણે પાછા પડીએ છીએ, ને એક વાર પાછા પડયા એટલે પુનઃ તેજકાર્યથી મંડન કરવાનું સામર્થ્ય આપણી પાસેથી ચાલ્યું જાય છે.

કાર્યનો આરંભ કર્યા પૂર્વે નકામી અડચણો કલ્પી તે ઉત્સાહનો ભંગ કરવો એ એક જાતની ઘેલછાજ છે. વિઘ્ન આવવા જેવો પ્રસંગ કરવાનો કિંવા અડચણ નહી વત્ કરવાનો

પ્રથમથીજ પ્રયત્ન કરવો એ ડાહાપણ પણ ભરેલું ગણાય—પણ અડચણનો પ્રસંગ આવતાં પહેલાં તેની શંકાઓથી તેનો 'કાગનો વાઘ ' કરી ઉત્સાહ ભંગ થઇ જવું—હાથપગ નરમ કરી નાખવા એતો બીકણપણુંજ ગણાય !

પોતાની કાર્ય કરવાની શક્તિનો જેને વિશ્વાસ હોય છે, તેને હાથે મોટાં મોટાં મહત્વનાં સાહસીક કાર્યો સફળ થાય છે. આપણે કરીએ છીએ તે સુકૃત્ય છે, તે કોઇને નુકશાન કરવાના ઇરાદે, કે કોઇના હક્ક પર ત્રાપમારવાના વિચારે—કે દુષ્ટ ઇરાદે તે નથી કરતા—તો અવશ્ય તેમાં કોઇ ભેગી શકતી—સહાય થવાનીજ એવો તેને દૃઢ વિશ્વાસ હોય છે. આવો વિશ્વાસ જેના અંગે સચોટ નિવાસિત થઇ જાય છે, તેના હાથે મોટાં મોટાં—મહાત્ કાર્યો સહજમાં પાર પડે છે. તેને દૈવિ શક્તિ સહાય કરે છે એમ કહેવાને આપણે જરા પણ અચકાઇશું નહીં.

ઉદ્યોગ કરતાં હમેશાં ચિંતાતુર રહેવું કિંવા જયને માટે શંકા રાખવી—મન અનિશ્ચિંત કરવું એતો અપયશને આમંત્રણ કરવા જેવુંજ છે.

જય કે અપયશ મેળવવો એ ઘણે ભાગે આપણા હાથમાંજ રહેલું છે. સારો હેતુ હાથ ધરી—યશ પ્રાપ્ત થશેજ એવી ભાવના હૃદયમાં રાખી ઉદ્યોગ કરો ! યશ મળશેજ ! સર્વ શક્તિનું રહેઠાણ હૃદયની ભાવના છે. જે બાજુ ધર્મ છે, તે બાજુ સત્ય છે, ને જે સત્ય ભાવનાથી આરંભાય તે બાજુ જય છે જ. માત્ર **સત્ય—ધર્મ અને—હૃદયભાવનાનીજ જરૂર છે.**

આપણાપર ગમે તેવું સંકટ આવે—ગમે તેવો કટાકટીનો પ્રસંગ આવે—ગમે તેવો સર્વનાશનો સમય આવે—તોપણ એવું એક દૈવિસામર્થ્ય આપણી પાસે છે કે—જેથી આપણને શાંતિ સૌખ્ય સમાધાન—ને યશ મળે ! આપણે પ્રભુના બાળક છીએ ! આપણો વારસો મહાન છે ! આપણા હક્ક મોટા છે. સતત ચિંતામગ્ન રહેવું, અને દુ:ખમાં કળી જવું એ માટે બિલકુલ આપણો જન્મ છેજ નહી ! આપણા હક્ક ભુલી જઇ—પ્રભુનો આપણો સંબંધ વિસરી જઇ—આપણા આત્માની દૈવિશક્તિ ચુકી જઇ ભુલા પડી દીન થઇ બેસવું એ આપણને ઉચિત નથી.

યુરોપમાં—લોખંડપર એને મલ્ડ કલર—ગીલ્ટ કરનાર (હાલમાં જે ટમલર પ્યાલા વિગેરે લોખંડના હોઇ ઉપર કાચ જેવો રંગ હોય છે) એક શ્રીમંત મનુષ્ય હતો એને મલ્ડકલર કરવાના નાદમાં તેણે પોતાની સર્વ દોલત ગુમાવી દીધી પણ નિરાશ થઇ બેઠો નહી ને તેમ કરતાં તે પ્રાણુગત થયો. તેના વારસ દીકરાએ તે કાર્ય શરૂ કર્યું જયનીજ ભાવના હૃદયમાં ધારણ કરી ઉદ્યોગ આરંભ્યો. તે છેવટે તદન ગરીબ ભીખારી જેવો થઇ ગયો ને હિંમ્મિર થઇ ગયો. એક વખત એવો આવ્યો કે નાંણાંની તંગીને લીધે તેને ભઠ્ઠીમાટે જોઇતાં લાકડાં તે લાવી શકયો નહી. ઉદ્યોગના જયનો અભિલાષિ તે સાહસીક પુરૂષે પોતાના ઘરના ભાગલા તુટેલા—ખડખડ પાંચમ જેવાં ટેબલ ખુરસી પેટી ને કમાડ ભાંગીને ભઠ્ઠીમાં ઘાલ્યાં ને ભઠ્ઠી ચાલુ કરી. આ ઉપરથી તેના ઘરના માણસોએ તેને ગાંડો કરી કાઢ્યો. શું તે ગાંડો હતો ? નાં ના ! જયનો સંપૂર્ણ વિશ્વાસવાળો અતુલ ધૈર્યવાળો—ને પોતાની જાતવિશ્વાસવાળો તે મહત્વાકાંક્ષી પુરૂષ હતો. ફક્ત આ છેલ્લી ભઠ્ઠીપર તેના જીવન મૃત્યુનો સવાલ હતો—તેની સ્થીતીની અધોગતિ કે ઉચ્ચતાની તે છેલ્લી કસોટી હતી !

નશીબપર હાથ મુકી તે ભઠ્ઠી તેણે ચાલુ કરી ને છેવટે ! તેને યશમાળા પ્રાપ્ત થઇ ને તેણે તે હુન્નરમાં કોટ્યાવધી નાણું પેદા કર્યું. ને તેના વારસો સોનાના ઘુઘરે રમવા લાગ્યા ! વાંચકો ! કાયર પુરૂષ શું જય મેળવી શકે ? ના ! ના ! કદી નહી !!!

આત્મજ્ઞાન એટલે હું કોણ ? ક્યાંથી આવ્યો ? મહારૂં સામર્થ્ય શું ? મ્હારૂં શું ? ને મ્હારે શું કરવું જોઇએ ? એનું યથાતથ્ય જ્ઞાન ! માબાપના રાજ્યમાં નાના છોકરાની જે સત્તા તે આપણી આ જગતમાં છે પણ તે ક્યારે ! હું એકાદ, દુ:ખી-દુર્બલ-દરિદ્રી-પ્રાણી ન થતાં-પ્રભુનો બાળક થયો ! એ વિચાર કરો ! ને તેની ઓળખ કરી લ્યો ! સંપૂર્ણ ઇંદ્રિયો આર્ય દેશ, દેવગુરૂ ધર્મની જોગવાઇ ને તેમની ઓળખ ! આપણને મળવાનું શું બાકી રહ્યું ! હવે તો જે કાર્ય કરવા યોગ્ય હોય તે કરવા માંડવું-યશ આપવો તે ભાવીના હાથમાં છે, પણ વિશ્વાસ રાખી સતત્ ઉદ્યમ કરે જવો-એ આપણા હાથની વાર્તા છે. ત્યારે હવે યશ મેળવવાનાં સાધનો ક્યાં ક્યાં તે આપણે તપાસી જઇએ ! શક્તિ અને જ્ઞાન આપણને છેજ! સર્વ શક્તિ ને સર્વજ્ઞાનનું જે મૂળ સ્થાન તે આપણું ભાવનામય હૃદય તે આપણું છેજ, પછી શું જોઇએ. આવો સરસ વારસો છતાં દીન થઇ બેસવું એ ગાંડપણ નહી? યશ— શક્તિ-આરોગ્ય-સુખ એ આપણા માટેજ નિર્માણ છે ! આપણો ભાગ પ્રકાશીત છે-અંધકાર પુર્ણ નથી. એ વાર્તા કદી વીસારશો નહી ! દુર્વાસના ને દુર્વિકાર એના યોગે કરી-સ્વાર્થપરાયણતા-ને અશ્રદ્ધાના કારણે કરી આપણને પારકાપણું જણાય છે. માત્ર ઉપરોક્ત દુર્ગુણો દુર કરો-તમારો અધીકાર-પાયરી ચઢતી ચઢતી શિખરે તમોને લઇ જશે ! પણ જુવો. તમારી પાયરી ચઢવા બાદ તમારામાં દુર્વાસના-અવિશ્વાસ-નિરાશા જણાય છે ? આરોગ્ય-પ્રકાશ-સુખ-મળતાં હોય તો તો રોગ-અંધકાર-ને દુ:ખનો કોણ સ્વિકાર કરશે ? આપણી આસપાસ આરોગ્ય-પ્રકાશ-સૌખ્યનું વાતાવરણ પ્રસરાવવું એ આપણા હાથમાંજ છે ! પ્રત્યેકના હાથમાં છે. પ્રત્યેક તેની સાધનાર્થે ઉદ્યોગ કરવો જોઇએ. યશ મળે છે કે નહિ ? આવી સ્થીતિ પ્રાપ્ત કરવા માટે સર્વ માનવજાતિપર-પ્રાણીમાત્ર પર-વસ્તુજાતિ પર પ્રેમ કરતાં શીખવું જોઇએ ! સર્વને માટે આપણા મનમાં પ્રેમ હોવોજ જોઇએ. સર્વને માટે આપણા મનમાં પ્રેમબુદ્ધિ ઉત્પન્ન થઇ કે પછી, આપણો વાળ પણ કોણ વાંકો કરી શકનાર છે ?

પ્રેમથીજ પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રેમ કરવા માંડશો કે સર્વ આપણા પર પ્રેમ કરવા માંડવાનાજ તો પછી આપણા કોઇ પણ કાર્યમાં અપયશ કેવી રીતે આવે વારૂ ?

માટેજ સમભાવ ધારણ કરી-પ્રાણીમાત્ર પર-પ્રેમબુદ્ધિ-ભ્રાતૃભાવ ધારણ કરી-આપણું કર્તવ્ય કાર્ય-સત્ય-હૃદય ભાવનાથી-કાર્ય દક્ષતાથી-ધીરજ રાખીને-ઉત્સાહપૂર્વક કરે જાવ-ને યશ તમારોજ છે ! પ્રયત્ન કરો-તે તમોને પ્રાપ્ત થશેજ ! અસ્તુ !

શાંતિ ! શાંતિ !! શાંતિ !!!

# पतिव्रता स्त्रीनो रास.

( લેખક. વિજયાદેવી. જુનાગઢ. )

સખી શરદ પૂનમની રાત અતિ રઢીયાળી રે,
વળી ચંદ્રકિરણુની જ્યોત, ખીલી છે ન્યારીરે. ૧

તે ગોરી મધુરી જ્યોત, મહિં સખી ચાલોરે,
વળી પતિવ્રતાના ધર્મ, પ્રીતે સંભાળો રે. ૨

સખી સદાચરણુને, સંપ ધર્મ સજ્જનતા રે,
વળી હાસ્ય વિનોદ વિવેક, વિનય ગંભીરતા રે. ૩

સખી દ્વેષ ભાવને, કલેશ કુસંપ ત્યજી દેવા,
વળી કજીયા ને કંકાશ, પણુ ના કરવા. ૪

ઉઠી પ્રભાત પ્રિતમને, પાયે પડવુંરે,
પતિ આજ્ઞા વિન, કદી કાર્ય કશું નહિં કરવું રે. ૫

સખી નીતિ ધર્મસહ, સત્ય પંથ સંભાળોરે,
સખી અન્ય પુરૂષ, નિજ ભ્રાત સમાન નિહાળોરે, ૬

સખી ભક્તિ પ્રભુની, સાથ પતિની કરવીરે.
ગુરૂ પાસે જઇ હરનીશ, શીખામણુ ધરવીરે. ૭

પતિ રોગી કોઢીકે દીન, હોય તોય ભજવોરે,
પતિ હોય પામર નાદાન, ઇશ સમ ગણુવોરે. ૮

સખી શશી વિના જયમ, રાત અતિ ભયકારીરે,
તેમ પતી વિનાની નાર, અતિ દુઃખીયારીરે. ૯

સખી પતિ વિના, પકવાન કડવાં લાગે રે,
સખી પતિવિના, સંસાર શોકમય ભાસેરે. ૧૦

સખી પતિ છે મુગટ મણી, પતિ છે હૃદય વિભુ,
પતિ આનંદના ભંડાર, પતિ છે સુખસિંધુ. ૧૧

પતિ છે સ્રીના રાજ, પત્નિ પટરાણીરે,
કંઈ પતિ છે સ્રીના રાજ, પત્નિ ગોરાણી રે. ૧૨

સખી વિવેક ભાવે, વિજયા એમ કહેછેરે,
તું સંભળી સજની સાજ, શીખામણુ એ છે રે. ૧૩

# जैन साहित्यना भंडारो.

( લખનાર. મી. આવજી દામજી શાહ. ધર્મશિક્ષક પી. પી. જૈનહાઇસ્કુલ મુંબઇ. )

## હરિગીત છંદ.

ગીર્વાણ વાણીમાં ગુંથેલા, રમ્ય ગ્રંથો નિરખતાં
અદ્ભુત ચમત્કૃતિ, રમ્ય રચના, પ્રૌઢપ્રતિભા પેખતાં
સાહિત્ય-તાર્કિક ગ્રંથની, પ્રતિઓજ અપરંપાર છે.
ગીર્વાણ-પ્રાકૃત વાણીમય, સાહિત્ય શાસ્ત્ર વિશાળ છે. ॥ ૧ ॥

[1]અણહિલ પટ્ટણમાં મુનિશ્રી હેમચંદ્રાચાર્યનાં
ભંડાર! પ્રાચીન ભવ્ય! અન્ય! અનેક જૈનાચાર્યનાં
સંસ્કૃત ભાષા બદ્ધ કાવ્યો ન્યાય વ્યાકરણાદિ છે.
[2]ગ્રંથો! અનેક વિશારદો વિરચિત ભાષા સાદિ છે. ॥ ૨ ॥

સ્તંભનપુરે એક પ્રાચ્ય ભાંડાગાર! ઓપે અતિ ઘણો
વિધવિધ સૂરિયોએ મળી જથ્થો કર્યો ગ્રંથોતણો
સંસ્કૃત-પ્રાકૃત-શૌરસેની પિશાચી-અપભ્રંશમાં
રમણીય ગ્રંથોની અરે! પ્રતિઓ ઘણી શુદ્ધાંશમાં. ॥ ૩ ॥

જ્યાં સૈંકડો પ્રતિઓ હમેશાં જીર્ણરૂપે થાય છે.
સંશોધકો વિણ એ મજાનાં ગ્રંથરત્નો જાય છે.
સાહિત્ય સેવક વર્ગ! કમ્મરને કસી ઉપાડશે.
સંશોધી મુદ્રિત કરી હજારો ગ્રંથને જીવાડશે. ॥ ૪ ॥

[3]જેસલમીર! અતિરમ્ય ભાંડાગાર એક નિહાળશો.
ત્યાં જઇ તપાસી શોધી પ્રેમી પ્રેમને દર્શાવશો.
[4]લીંબડીમાં ગ્રંથરત્નો પણ ઘણાં સાંપ્રત સમે.
સાહિત્યના સમુપાસકો! નમી વિનવીયે તમને અમે! ॥ ૫ ॥

૧ પાટણશહેર. ૨ ખંભાતબંદર. ૩ મોરવાડ-મેવાડ આસપાસમાં આવેલું ૪ વઢવાણપાસે.

# भावना स्वरुप.

## અશરણભાવના.

( લખનાર. ઝવેરી. મુલચંદ આશારામ. વૈરાટી. )

### માલિની વૃતમ્.

પરમ પુરૂષ જેવા સંહર્યા જે કૃતાંતે,
અવર શરણ કહેતું લીજીએ તેહ અંતે;
પ્રિય સહૃદય કુટુંબી પાસ બેઠા જે કોઇ,
મરણ સમય રાખે જીવને તે ન કોઇ;
સુરગણ નરકોડી જે કરે જાસ સેવા,
મરણ ભય ન છુટયા તે સુરેંદ્રાદિ દેવા;
જગતજન હરતો એમ જાણી અનાથી,
વ્રતગ્રહિય વિછુટયો જેહ સંસારમાંથી.

( અરે ! સમગ્ર જગતને રોગમુક્ત કરવાનો દાવો કરનાર રાજવૈદો ! શરિર શાસ્ત્રના પારંગત શીવીલસરજનો ! મૃત્યુજયના જાપવડે મરણપથારીએ પડેલ મનુષ્યને ઉઠાડવાની હિમત કરનાર મંત્રવાદીઓ ! તમારે પણ દીનપણે મરણને આધીન થવું પડશે. શુભ મહુર્તને જોનાર જોશી આ મરણના અશુભ મહુર્ત આવતે તમે પણ પરાધીન પડશો.

અરે ! સેંકડો સગાસંબંધીઓની સારવારથી સેવાતા, હજારો દાસ દાસીઓથી ખમાખમા પોકરાવતા અને ચતુરંગસેનાથી વિંટલાએલા રાજા મહારાજા અને ચક્રવર્ત્તિ પણ દીનપણે મૃત્યુને આધીન થયા છે તો પછી આ રાંક પ્રાણીઓને જગતમાં કોનું શરણ છે. દેવનાદેવ ઇંદ્ર પણ મરણને, આધીન થયા તો પછી આ પામર પ્રાણીઓને કોનું શરણ છે.

પ્રભાતે મળેલા પંખીના ટોળાની માફક આ સર્વ કુટુંબ કબીલો વીખરાઇ જશે; ભાઇ કરતા બાંધવો બ્હેનો, અને સર્વ સ્નેહીઓ વિત્તની વહેચણી કરવા તૈયાર થશે, પરંતુ વિપતિ આવતાં બળતાદવને દેખી દશેદીશાઓમાં નાસતાં પંખીઓની માફક સર્વ કુટુંબ કબીલો વીખરાઇ જશે.

હુંકારો કરતાની સાથે રણરમાડીદેનાર શુરવીર યોદ્ધાઓ મરણને આધીન થયા. એક ખડગવડે સમગ્ર જગતને ધ્રુજાવનાર વીરયોદ્ધાઓ પણ પરાધીન પડયા, સગર ચક્રવર્તિના સાઠ હજાર પુત્રોને જવલન પ્રભદેવે મરણના દરવાજામાં હડશેલી મુકયા. હડશેલી મુકનાર જવલન પ્રભદેવ પણ મરણને શરણ થયો, પચીસ હજાર દેવોથી સેવન કરાતા ચક્રવર્તિ પણ ભરતરીએ મરણને શરણ થયા. ઉત્કૃષ્ટ ચારિત્રને પાળનાર સ્કંદકાચાર્યના પાંચસો શિષ્યો પાપી પાલકના હાથે ઘાણીમાં પીલાઇ ગયા. ઇંદ્રના સ્નેહથી ઇંદ્રાસનને શોભાવનાર શ્રેણીકરાજ જેવા સમર્થ પુરૂષો પણ મરણની ઘોર દશાને પામ્યા, અખંડ ચારિત્રને ધારણ કરનાર મહામુનીઓને પણ શું મરણને શરણ નથી થવું પડતું ? આહા ત્યારે શું સમગ્ર જગત શરણ વગરનું પરાધીન છે, ત્યારે મરણના ભયથી પ્રાણીઓએ કોનું શરણ કરવું જોઇએ. એ વિચાર ઉત્પન્ન થતાની સાથેજ ધર્મની ઉત્કૃષ્ટ સરલતા તરફ ધ્યાન ખેંચાય છે કે **दुर्गति प्रपतत् प्राणी धारयती धर्मः** દુર્ગતીમાં પડતા પ્રાણીઓને ધારણ કરી રાખનાર એક ધર્મનુંજ

શરણ છે. એ ધર્મ સંબંધીનું વિશેષ વિવેચન ધર્મભાવનામાં કરીશું.

જગતની અનિત્યતાને બતાવનારી અનિત્યભાવના ભાવતાં અને પ્રાણીઓની અસરણતાનું દર્શન કરાવનારી અસરણભાવનાનું ચીંતવન કરતાં તરતજ સંસારની વિચીત્રતાનું સ્વરૂપ ખડું થાય છે કે તરતજ વૈરાગ્યભાવની શ્રેણીએ ચઢેલો પંથી ત્રીજી સંસારભાવના ભાવતાં વિચારે છે કે.

# जैन बंधुओ जागो.

### એકત્રીસા સવૈયા.

( લેખક—દલપતરામ મગનલાલ, ધારીસણા. )

નિદ્રા ત્યાગો અરે જૈનીઓ જાગો ક્ષત્રી કેરા તન,
દશા થઇશું અરે આપણી નથી લાગણી શું કંઇ મન. ૧
સ્થીતિ વિચારો પૂર્વ સમયની પડે નહિ મનમાં કયાં ફાળ,
વસ્તુપાળને તેજપાળ ક્યાં ભામાશાને કુમારપાળ. ૨
વસ્તિ પૂર્વે હતિ દેશમાં કરોડ ચાળીશ જૈન તણી,
તેર લાખની આવી રહી છે મતા મતી તેમાં પણ ઘણી. ૩
જીવ દયામય ધર્મ આપણો રાગદ્વેષ રહિત છે દેવ,
પંચ મહાવ્રત ધારી સાધુ મોક્ષ મળે જેમાં તતખેવ. ૪
તત્વજ્ઞાનમાં સર્વ ધર્મથી જૈનધર્મનું ઉત્તમ જ્ઞાન,
પણ તે સઘળું છે પુસ્તકમાં આપણને ક્યાં તેનું ભાન. ૫
કરો કરાવો ભાષાન્તર ગ્રંથોનું પ્રચલીત ભાષામહિં,
ગ્રન્થો સંસ્કૃત અને માગધી ભાષાએ સૌ જાણે નહિં. ૬
ધનવાનો તમ ધન ખર્ચીને વિદ્વાનો તમ જ્ઞાનવડે,
મદદ કરો શાસન ઉદયાર્થે ઉદય ન થાય કદી ઝઘડે. ૭
જુઓ જર્મની જુઓ ઇંગ્લંડ જુઓ અમેરીકા જાપાન,
જાણે તેઓ જૈન તત્વને તેનું કયાં તમને અભીમાન. ૮
વરઘોડાને ન્યાત વરામાં દ્રવ્ય ઘણું સઘળે ખરચાય,
વખત ઓળખો જુઓ જમાનો જૈન ઘણા ભુખે મરીજાય. ૯
તત્વ ધર્મજ્ઞાન વિના કેમ જૈનધર્મની લાજ રખાય,
અનેક જૈનો ધર્મજ્ઞાન વિણુ અન્ય ધર્મમાં પલટાઇ જાય. ૧૦
ભરો સમાજો કૉનફરન્સો કુસંપ હાંકી કાઢો દૂર,
સૂતી કૉનફરન્સ જગાડો મળો સર્વ હર્ષે ભરપૂર. ૧૧
કેળવણી ફેલાવો સઘળે તત્વ જ્ઞાનનો કરો પ્રસાર,
કરો સુધારા સંપ કરીને જુના ગ્રંથનો કરો ઉદ્ધાર. ૧૨
નહિ વાણીઆ નહિ ભાટીઆ જૈનોક્ષત્રી કેરા તન,
ક્ષત્રીનું શૂરાતન કયાં છે બળે ન જાણી કોનું મન. ૧૩
નિશદિન વિનતિ કરીએ સાચી શાસન દેવો કરશો સહાય,
પ્રયાસ કરતાં થાશે નક્કિ જૈન ધર્મનો જય જય કાર. ૧૪

ॐ शान्ति : शान्ति :

# उच्चनीच विचारो.

( લેખક.—શેઠ. જયસિંહ પ્રેમાભાઇ. મુ. કપડવણજ. )

આપણે જેવા વિચારો કરીએ છીએ તે પ્રમાણેજ આપણો સ્વભાવ બંધાય છે. ઉચ્ચ વિચાર કરવાથી ઉચ્ચ અને નીચ વિચાર કરવાથી નીચ સ્વભાવ બંધાય છે. જેનો જેવો દ્રઢ વિચાર તેવો તે થાય છે.

મનુષ્યની જેવી અંતઃકરણની સ્થીતિ હોય તેવા વિચારો સ્ફુરે છે. જ્યારે અંતઃકરણ દ્રસ્યમાં ધૂમે છે ત્યારે દ્રસ્યના અને અંતરશક્તિમાં રમે છે ત્યારે તેવા વિચારો સ્ફુરે છે. જેવા વિચાર તેવો મનુષ્ય થતો હોવાથી ઉચ્ચ કલ્પનાને ધારણ કરવી જોઇએ. જો તે નીચા પ્રકારની હોય છે તો કદી ઉંચે ચઢી શકાય તેમ નથી. અરૂણોદય સૂર્યના આગમનને સુચવે છે તેમ જેવો વિચાર દાખલ થાય છે તેવું ભાવિ થવાનું હોય તેમ સમજાય છે. ધણાની માન્યતા એવી હોય છે કે કંઈ વિચાર આવ્યાથી તેવા થઇ જવાતું નથી પણ તેમ સમજવામાં ભૂલ છે કારણ કે સાધારણ રીતે પ્રથમ વિચાર સ્ફુરે છે અને લગભગ તેમ મનની પ્રવૃત્તિ થાય છે પણ ઉપરની માન્યતાથી મનુષ્ય વિચારના ઘોડાને ગમે તેમ નાચવા દેએ અને પછી ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરી શકતા નથી. જોકે ધણા મનુષ્યો ઉચ્ચતાને ઇચ્છે છે પણ તેમ થવાના માર્ગને ગ્રહણ કરતા નથી અને તેથી ઉચ્ચતાને પ્રાપ્ત કરી શકતા નથી. આમ છે તો નિત્ય ઉચ્ચ વિચારનું સેવન કરો. જો આપણે દુઃખનાજ વિચારો કરીએ છીએ તો વસ્તુતઃ તો સુખમાં રહીએ છીએ તોપણ આપણને દુઃખનોજ ભાસ થાય છે. જો સારા વિચાર કરીએ છીએ તો દુઃખમાં મહા સુખ ભાસે છે. દુઃખ અને સુખ એ માત્ર કલ્પનામાંજ રહેલું છે. વિષયને આપણે સુખરૂપ માનીએ છીએ તો સુખરૂપ લાગે છે અને જેને દુઃખરૂપ માનીએ છીએ તો દુઃખરૂપ લાગે છે આથી વિચારને સુખનો આધાર ગ્રહી ઉચ્ચ વિચારનુંજ સેવન કરો.જે મનુષ્યો હલકી પ્રવૃત્તિમાં રમ્યા કરે છે તેઓ ઉચ્ચ વિચાર કરી શકતા નથી અર્થાત્ તેમના હ્રદયમાં ઉચ્ચ વિચારના આંદોલનો પ્રવેશ કરીશકતાં નથી. વૃત્તિ પણ ઉચ્ચજ રાખવી જોઇએ. તેવા વિચાર કરવાને તેટલો અધિકાર પ્રાપ્ત કરવો જોઇએ. એમ નથી કે દ્રરિદ્ર મનુષ્ય ઉચ્ચ વિચાર કરી શકતો નથી પણ જેઓ વ્યસનાદિને સેવે છે, વિષયી હોય છે, માંસ મદિરા આદિ અભક્ષ્ય પદાર્થનું નિત્ય સેવન કરે છે તેવા મનુષ્યના હ્રદયમાં ઉચ્ચ વિચાર આવી શકતા નથી. કદાચ આ પ્રસંગે તમે ઉચ્ચ ક્રિયા કરવા સમર્થ ન હો તોપણ વિચાર તો ઉચ્ચ રાખવા જેથી ઉચ્ચ ક્રિયા કરવાને સમર્થ થવાનો પણ પ્રસંગ મળશે અને મનને નિરંતર ઉચ્ચ વિષયના વિચારને મળવા દેવું તેથી નીચ વૃત્તિ તો ત્યજાશે અર્થાત્ મનમાંથી ખસશે અને મનમાંથી ખશી કે પછી વિષયપરત્વે પ્રવૃત્તિ થવાનીજ નહિં. આમ છે માટે ઉચ્ચ વિચાર કરવામાં જરા માત્ર પણ કૃપણતા રાખશો નહિ અને અંતરના સાચા ભાવથી કલ્પનાને ઉચ્ચ કરો તેમજ દ્રઢ શ્રદ્ધા પ્રાપ્ત કરો. પુષ્કળ દાન આપવા, દયા, સત્ સંગતિના સત્કર્મ ખાતર શુભ વિચારો નિરંતર કર્યા કરો અને તે એવા દ્રઢ કરો કે કદિ પણ તેનું વિસ્મરણ થાય નહિં ને આમ થતાંજ મન નીચ વિષયપ્રતિ વળતું અટકી જશે. બીજાને દાન આપતા જોઇ તમે પણ તેવું દાન આપવાના વિચાર કરો એટલે કે ભાવ રાખો. ભલે કદાચ તત્કાળ પ્રસંગે તમે આપી શકો તેમ ન હો તોપણ ભાવ રાખશો તો

ફળની પ્રાપ્તી થશે અને આવીજ રીતે એવી બીજી વિચારની શુભ પ્રવૃત્તિમાં મનને રમતુ રાખો. એકદમ પ્રયત્નથી ઉચ્ચ થવાનું સામર્થ્ય છેજ માટે ઉચ્ચ વિચારનેજ ધારણ કરો, તમે તમારા વિચારમાં જેવા રમશો એવા થઇ શકશો. એ વાત નિઃસંશય માનજો અને તેથી ખોટા વિચારને રાખશો નહિં તેમજ ઘડી ઘડીમાં બદલાઇ જાય તેવા તાલાવેલ વિચારને રાખશો નહિ. નિરંતર ઉચ્ચ અને દૈવી વિચારજ કરો. અનુભવનો આવિષય હોવાથી એકદમ અનુમાન થઇ શકે તેમ નથી પણ તેને ગ્રહણ કરવાથી તેનો અનુભવ મળી શકે તેમ છે માટે પ્રયત્ન કરો. ઉચ્ચ વિચારમાં જે રમે છે તેઓ ઉચ્ચ ક્રિયાને સાધી ઉચ્ચ લાભને પ્રાપ્ત કરે છે. નિરાશામાં દુઃખના વિચાર ન કરતાં શુભ, ઉત્સાહ, આનંદ, ધૈર્ય, દયા, સમતા, પ્રેમ વિગેરે ઉચ્ચ લક્ષણુનોજ વિચાર કરો અને તે લક્ષણુ ધીમે ધીમે સ્વભાવથી તમ ને પ્રાપ્ત થતા જાણાશે. અમુક મારૂં એ કલ્પના નીચ કલ્પના છે પણ સર્વની પ્રેમ દ્રષ્ટિએ વિચાર તે ઉચ્ચ વિચાર છે. નિર્બળતા, ભય, ચિંતા એ આદિ નીચ વિચારો છે અને એથી વિરોધી ભાવના જેવી કે નિર્ભયતા નિશ્ચિંતતા, બળ આદિ વિચારો તે ઉચ્ચ વિચારો છે. ઉચ્ચ વિચારના પ્રદેશમાં પ્રવેશ કરતાંજ તમને આનંદ, ઉત્સાહ, સંતોષ, નિર્ભયતા, બળ, પ્રસન્નતા, સ્વામિત્વ અને અંતર્જ્ઞાન વિગેરેનું ક્રમે ક્રમે વધતું જતુંજ ભાન થશે. તો એ ભાનનેજ અનુભવો અને ઉચ્ચ વિચારને ધારણ કરો. પ્રીય વાંચક નિરંતર ઉચ્ચ વિચારના પ્રદેશમાં સદા સર્વત્ર સત્વર રમણ કરવાને શુભાયુષવાન્ થાઓ.

---

# ज्ञान भक्ति.

## જ્ઞાનરત્ન આરાધક મુનિરાજ તથા શ્રાવકોને વિજ્ઞપ્તિ.

(લિ. મુનિ માણેક.—મુ. કલકત્તા)

આત્માનું લક્ષણ જ્ઞાન છે તે વીરપ્રભુએ ઉપદેશેલા આગમથી ગુરૂ પરંપરાએ આપણે જાણીએ છીએ. આ જ્ઞાન ત્રણ રત્નના મધ્યમાં રહ્યું છે કારણકે દર્શન જ્ઞાન વિના ટકી શકતું નથી તેમ જ્ઞાનનું ફળ ચારિત્ર છે. મુખ્ય જ્ઞાન તો કેવળજ્ઞાન છે અને તે જ્યારે પ્રાપ્ત થશે ત્યારેજ આપણે સંપૂર્ણ દેખતા થઇશું પણ તે જ્ઞાનના અભાવે આપણે અંધ સદ્રશ છીએ છતાં પણ કોઇ પ્રબળ શુભ ભાવનાથી ધર્મ આરાધતાં કંઇક દેખવાપણું થાય છે તે આપણું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે. તે બંને સાથેજ રહે છે અને એક એકને ઘણી બાબતમાં મળતાં હોવાથી તેનો ભેદ સમજાવવાને જ્ઞાની ભગવંતોએ ઘણો પ્રયાસ લીધો છે તે આપણને સમજવાને પણ અત્યારે થોડો અવકાશ છે.

વિશેષ્યાવસ્યકસૂત્રમાં ઘણું વિવેચન કરેલું છે પણ અહીંતો પહેલા કર્મગ્રંથમાં બતાવેલો ભેદજ લખીશું.

મતિ જ્ઞાનના ૨૮ ભેદ છે. એટલે પાંચ ઇંદ્રી અને છઠું મન તેની સાથે અવગ્રહ ઇહા અપાય અને ધારણા. તે ૬×૪=૨૪ અને તે અર્થાવગ્રહ ગણી વ્યંજન અવગ્રહના ભેદ લઇએ તો મન અને ચક્ષુનો વ્યંજન અવગ્રહ ન હોવાથી ફક્ત ચાર ભેદ થાય તે ૨૪+૪ =૨૮ થાય છે અને શ્રુતજ્ઞાનના સંજ્ઞિ, અક્ષર, સમ્યક, સાદિ પર્યવસિત, ગમિક, અંગ પ્રવિષ્ઠ. એના સાત વિરૂદ્ધ પક્ષ લેવા એટલે અસંજ્ઞિ. અનક્ષર, મિથ્યાત્વ, વિગેરે ભેદ જાણવા.

તે ચૌદ થાય છે. આ શ્રુતજ્ઞાન જ્ઞાની ભગવંતોજ પ્રરૂપે છે અને તીક્ષ્ણ બુદ્ધિ વાળોજ તે શ્રુતજ્ઞાનને આરાધે છે અને એક બીજાના વધવાથી બંનેમાં વધારો ઘટાડો થાય છે. જેમ વિશેષ જ્ઞાન થાય તેમ ક્ષયોપશમ વધ્યો કહેવાય અને તે જ્ઞાન ઘટે ત્યારે ક્ષયોપશમ ઘટ્યો કહેવાય માટે ક્ષાયિક એવું સંપૂર્ણ કેવળજ્ઞાન મેળવવા આપણે રાત્ર દિવસ શ્રુત જ્ઞાન વધારવું જોઇએ. કઇ ભાષામાં કે કઇ લિપિમાં જ્ઞાન મેળવવું એ શીખનારની અનુકુળતા ઉપર આધાર રાખે છે તેથી જ્ઞાની ભગવંતો બાળજીવો માટે મહેનત લઇ દરેક ભાષામાં ગ્રંથો બનાવે છે કે તે વાંચીને યથાશક્તિ સર્વેજણાને લાભ થઇ શકે.

આ પ્રમાણે હોવાથી જૈનોના સેંકડો ગ્રંથો સંસ્કૃત માગધી અને ગુજરાતી તથા હિંદીમાં કે અંગ્રેજીમાં મળી આવે છે પણ ગ્રંથને ઉત્તેજન આપી ને તેનો યથોચિત લાભ લેવાય તોજ ગ્રંથ કર્ત્તા અને પાઠક ને લાભ થઇ શકે માટે તે ગ્રંથનો વિશેષ લાભ કેમ લેવાય તે ઉપર ખાસ લક્ષ આપવું જોઇએ.

જાહેર લાઇબ્રેરી દરેક ગામમાં જોઇએ અને તેમાં જૈનધર્મના ગ્રંથો જાહેર સર્વે પ્રજા માટે રહેવા જોઇએ. તે દરેકને ઘેર પણ લઇ જવાની છુટ હોવી જોઇએ અને હાલ મુંબઇમાં જેવી ફ્રી લાઇબ્રેરી છે તથા ફ્રી સરક્યુલેટીંગ લાઇબ્રેરી છે તેવી લાઇબ્રેરીઓને સસ્તી કીંમતે પુસ્તકોની એક એક નકલ આપવી જોઇએ. જેના ઘરમાં ગ્રંથોની એક કરતાં વધારે નકલ હોય તેણે તેવી ચોપડીઓ લાઇબ્રેરીમાં મોકલાવવી જોઇએ કે પોતાને ઓછી મહેનત સંભાળવા માટે લેવી પડે અને સૌને વાંચવા કામ લાગે.

આપણા લોકો જેઓ ગ્રહસ્થાવાસમાં દાગીનાથી અંગને શણગારે છે તે કરતાં વધારે પૈસા ખર્ચીને તેને ભણાવવામાં તથા તેનું જ્ઞાન વધારવા માટે સારા ગ્રંથોને ઘરમાં સંગ્રહ કરવા ખરીદ કરી કર્તાને ઉત્તેજન આપવું જોઇએ.

દાગીના માટે જેવી ઉત્તમ પેટી ડબા કબાટ લેવામાં આવે છે અને તેની સંભાળ રખાય છે તે પ્રમાણે ચોપડીઓ રાખવા માટે સારાં કબાટ પેટી ખરીદવાં જોઇએ તથા તેમાં કીડ ન પડે ઉંદર ખરાબ ન કરે, ભેજવાળી હવાથી ઉધઇ ન લાગે તેની તપાસ રાખવી જોઇએ.

બાઇઓ તથા નાનાં બાળકો માટે સહેલી ભાષામાં નૈતિક તથા વ્યવહારિક ધાર્મિકજ્ઞાનવાળા ગ્રંથો રચાવા જોઇએ.

આવા ગ્રંથો સારા ઉંચા કાગળ મોટા સારા ટાઇપે છપાયેલા અને મજબુત પૂંઠાં વાળા હોવા જોઇએ.

તેમાં જ્ઞાનની ભક્તિ કરવાથી કેવા લાભ થાય છે તેવી સૂચના લખવા ઉપરાંત જ્ઞાનની આશાતના કરવાથી શું નુકશાન થાય છે તે પણ લખવું જોઇએ છે. જ્ઞાનપંચમીનો દર માસે ઉપવાસ કરવાથી કે કાઉસગ્ગ કરવાથી કે સાથીઆ કરી દેવાથીજ પંચમીનું આરાધન થઇ જાય છે તેવું માની લેવાની સાથે નીચલી બાબતો ઉપર પણ ખાસ લક્ષ આપવું જોઇએ.

લખેલું કે છાપેલું ગમે તેવું પાનું હોય તે સંભાળીને નુકશાન ન થાય તેવી રીતે બાંધવું જોઇએ. ડાઘા ન પડે, વાંકું ન વળે, કાણું ન પડે માટે પાઠા ઉપર રાખી વાંચવું જોઇએ.

ચોપડી બાંધેલી હોય તેના પાનાને પણ નુકશાન ન કરવું. ઉપરનું પૂઠું સંભાળવું. તેમાં શાહીના ડાઘા ન પાડવા જોઇએ.

કેટલાકને ચોપડીના પૂંઠા ઉપર આંકડા લખવાની ટેવ છે તે ન રાખવી.

ધાર્મિક લેખનાં છાપાં માસિક હોય તે સંભાળીને ફાઇલો બાંધવા ઉપરાંત બીજાં છાપાં ને પણ ગમે તે વસ્તુ બાંધવા માટે ન લેવાં જોઇએ. ખરાબ જગ્યાએ ફેંકવાં નહિ. તેમાં ખાવાની વસ્તુ બાંધવી નહિ જોઇએ. વાર તહેવારે જેમ પૌષધ ઉપવાસ દેવપૂજન કરીએછીએ તેમ કલાક બે કલાક ભણવું ભણાવવું પણ જોઇએ.

જેમ જમણમાં અનેક પ્રકારનાં મિષ્ટાન્ન બનાવી ખવડાવીને સંતોષ માનીએ છીએ તેમ સારાં પુસ્તકો પોતાની સ્થિતિ પ્રમાણે ખરીદી ઘરમાં સંગ્રહ કરવો જોઇએ.

આટલું કરવાથીજ જ્ઞાન પંચમીનું આરાધન થાય છે એટલે ઉપવાસ પૌષધ કરવો તેમ જ્ઞાનને સંભારવું, જ્ઞાનનાં પુસ્તકોનું રક્ષણ કરવું અને નવાં ખરીદી તેમાં વધારો કરવો.

ભણાવેલી સ્ત્રી પુત્ર મિત્ર કે ઉપાસક કે શિષ્ય કોઇ વખત એટલા કામે લાગી શકશે કે કરોડો રૂપિયાના દાગીના પણ તે કાર્ય કરી નહિ શકે.

વળી જ્ઞાન ભણવાને ઉત્કંઠિત એવા સાધારણ સ્થિતિના બંધુઓ માટે તથા બીજા બાળકોના ઉત્તેજન માટે ભણતા બાળકોને ઇનામ વિગેરેની પણ ખાસ જરૂર છે.

---

# सुविचार निर्झर.

## ( पादराकर )

સારૂં કામ કરવાનું મનમાં આવ્યું કે તે એકદમ કરી નાંખવું. તેના પરિણામનો વિચાર કરવા રહેશો કે ચર્ચા કરવા જશો તો કદાચ આપણા મનમાંની સારી પ્રવૃતિ ગળી જશે.

* * * *

સત્ય અવિનાશી છે. સત્ય શોધી કહાડી—તેના પ્રસાર નિમીત્તે ગાળેલું આયુષ્ય સફળ છે.

* * * *

પોતાને ગમે તે કામ કરવા કરતાં, જે કામ આપણે કરવું જોઇએ તે પૂર્ણ પ્રેમથી કર્યાં જાવ.

* * * *

કોટયાધીશ થયો એટલે તે સ્તુતિને પાત્ર થાય છે એમ નથી પણ તેણે દ્રવ્ય કેવી રીતે મેળવ્યું—ને તેનો વ્યય કેવી રીતે કરે છે, તે જોવું જોઇએ.

* * * *

જે ચિત્તની એકાગ્રતા સાધિ શકતો નથી તેના હાથથી કોઇ પણ મહત્વનું કાર્ય થવાનું નહિં. ચિત્ત અનેક જગ્યાએ ગયું કે તેની શક્તિ ઓછી થવાનીજ.

* * * *

ખરો ધૈર્યશાળી મનુષ્ય શાંત હોય છે. જ્યાં ક્રોધ ઘણો હોય છે—ત્યાં બહુધા ધૈર્ય હોતું નથી. શુર માણસનામાં ઉદ્ધતપણું હોતું નથી. ગમે તેવો કઠીણ પ્રસંગ આવે પણ તે સદોદીત શાંત ને આનંદીજ રહી શકે છે.

* * * *

કુટુંબ પ્રેમપર બાંધેલી દેશપ્રીતિની ઇમારત મજબુત હોય છે.

* * * *

જ્યાં દયા નહિં ત્યાં ધર્મ નહીં–સત્ય નહિ ત્યાં જય નહિં.

* * * *

ઐશ્વર્ય–પદવીને માન મળે ઉદ્ધત થશો નહિં ને સંકટ આવે નિરાશ થશો નહીં.

* * * *

મહાન્ પુરૂષો હમેશાં દરેકને મહાન્ બનાવવાજ પ્રયત્નવાન રહે છે. નહાનાં નહાનાં કામ સારી રીતે કરવાથીજ મોટાં મોટાં કાર્યો કરવાની લાયકાત આવે છે પણ જો મનુષ્યને નાનાં કામ કરવાના પણ પ્રસંગો આપવામાં ન આવે તો તેની બુદ્ધિનો વિકાસ બંધ થઇ જાય છે ને તે કંઇજ કરી શકતો નથી.

* * * *

બાળકને સ્વતંત્રતા આપો ને તેને તેની મેળેજ કંઇક કરવા દો તેનું પરિણામ જુવો ને થતી ભુલો સુધારો. એમ કરતાં કરતાં તે પોતાની જોખમદારી સમજી દરેક કામ કરવા લાયક થતો જશે.

મનુષ્યનો સ્વભાવ એ એક બાગ છે ને તેની મરામત કરવાનું તેને સોંપવામાં આવ્યું છે. બાગ સુધારવો કે બગાડવો તેનો આધાર તેના પર રહે છે.

* * * *

હું કરી શકીશ એ મંત્રમાં અદ્‌ભુત શક્તિ છે.

* * * *

યશસ્વી લોકોને સર્વ સ્મરે છે પણ મહાન્‌કાર્ય સાધનામાં ઉદાત્ત રીતે ઝુઝતાં જે ચાલ્યા ગયા તેની કોઇ દરકાર પણ કરતું નથી પણ તેમની યોગ્યતા કંઇ જેવી તેવી ગણાય નહીં.

* * * *

ઉદ્યોગ કર્યા શિવાય દ્રવ્ય ને અભ્યાસ વિના વિદ્યા પ્રાપ્ત થતાં નથી.

* * * *

જે આચારમાં વિચારનું પ્રતિબિંબ હોતું નથી તે નિરૂપયોગી છે.

* * * *

ઉતાવળ કરી કે તેમાં ભુલ થયા શિવાય રહેતી નથી.

* * * *

પ્રવાસે જતી વખત શાણપણ સાથે લ્યો ને બહુજ ઉદાર રીતે તે ખરચો.

* * હુ *

સ્વાર્થનો નાશ કરી તે જગ્યાએ પ્રેમનું સ્થાપન કરવું એનું નામ લગ્ન ને તેજ લગ્નનો ઉદ્દેશ હોવો જોઇએ. લગ્ન થયું કે તુરતજ આત્મત્યાગનો આરંભ થાય છે.

* * * *

આરોગ્ય ને સભ્યતા જેવી શરીર શૃંગારમાટે બીજી ચીજો નથી.

* * * *

ભાષણ એ માણસના વર્તનનું તાત્પર્ય હોય છે.

*　*　*　*

એવો પણ કોઇ વખ્ત આવે છે કે, જ્યારે ના કહેવું એજ ખરૂં શાહાણપણ ગણાય.

*　*　*　*

ખરાબ કામમાં દ્રઢ નિશ્ચય તે હઠ, ને સારા કામમાં દ્રઢ નિશ્ચય તે પ્રતિજ્ઞા.

*　*　*　*

મનમાં કુવિચાર આવે નહીં માત્ર સુવિચારજ આવે, ને તે સર્વ સરળ થાય તેજ ખરૂં સુખ.

*　*　*　*

દુર્બળનો વિશ્વાસ દૈવ પર હોય છે. બળવંત તો કારણ ને કાર્ય એના ઉપરજ વિશ્વાસ રાખે છે.

*　*　*　*

આપણો ખરો સદ્‌ગુણ આપણા શત્રુ પાસેથીજ આપણે જોઇ લેવો કારણ દોસ્તો તો સદાય આપણું સારૂંજ બોલે.

*　*　*　*

લોક પર્વા ન કરતાં—આત્મ સુખમાં મગ્ન રહે તેજ ખરો શહાણો કહેવાય.

*　*　*　*

# मुनिलाभ अने पर्युषण पर्व.

પ્રસિદ્ધ વક્તા વિદ્વાન ગુરૂ મહારાજ યોગનિષ્ટ શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું ચોમાસું આ વખતે અત્રે ઝવેરીવાડે આંબલી પોળના ઉપાશ્રયે થયું છે. પર્યુષણપર્વમાં તેઓશ્રીની અમૃતમય વાણીથી શ્રોતા વર્ગને ઘણોજ લાભ થયો છે. તેઓની વિદ્વતા અને ઉપદેશામૃતમય વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રયમાં માણસોની ઘણીજ ઠઠ ભરાતી હતી, તેમજ પરગામથી પણ લોકો તેઓશ્રીનું વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. શેઠ મણીભાઈ દલપતભાઇ જગાભાઇ દલપતભાઇ, ચિમનભાઇ લાલભાઇ શેઠાણી—ગંગાબ્હેનવિગેરે ઉપાશ્રયના અગ્ર ગણ્યોએ પણ આઠ દિવસ વ્યાખ્યાનનો સારો લાભ લીધો હતો. જૈનધર્મની પ્રભાવના સારી થઇ હતી. સંવત્સરીના રોજ શેઠ દલપતભાઈ ભગુભાઇના વંડામાં તેઓશ્રી કલ્પસૂત્ર સંભળાવવા ગયા હતા. સંવત્સરી પ્રતિક્રમણ રૂડી રીતે અને નિર્વિઘ્ને પસાર થયું હતું. પર્યુષણ પર્વ દરમીઆન કોઇપણ જાતના ઉપદ્રવ રહિત લોકોએ શાન્તિથી વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં. વ્રત પચ્ચખાણો પણ યથા શક્તિ કરવામાં આવ્યાં હતાં. ઉપાશ્રયમાં ઘી વિગેરેની ઉપજ પણ સારી થઈ હતી. કલ્પસૂત્ર પણ સારી રીતે વાંચવામાં આવ્યું હતું. આ વિગેરે શાસનની ઘણીજ શોભા પર્યુષણ પર્વમાં ઝળકી રહી હતી.

હાલમાં તેઓશ્રી વિશેષાવશ્યક અને ઉત્તરવ્યાખ્યાનમાં ધર્મરત્ન પ્રકરણ વાંચે છે.

# ચર્ચાપત્ર.

શ્રી બુદ્ધિપ્રભાના કાર્યવાહક યોગ્ય વિજ્ઞપ્તિ કે નીચેનું શંકાપત્ર તમારા માસિકમાં દાખલ કરવા કૃપા કરશો. વિ—સાક્ષર શ્રીયુત મનસુખભાઇ કીરતચંદે કોન્ફરન્સના પર્યુષણ પર્વના અંકમાં પત્ર ૩૧૯ માં નીચે પ્રમાણે લખ્યું છે.

" આમ મુક્ત આત્મા દાન દેછે—લાભ પામે છે ભોગ ઉપભોગ કરે છે અને પોતાના ઇષ્ટ રીતે પ્રવર્તે છે આટલે સિદ્ધ તથા જીવનમુક્ત બન્નેની વાત થઇ જીવન્મુક્ત વધારામાં શરીર ધારી હોવાથી આપણને જ્ઞાનદાન દેછે આપણા તરફથી પિંડસ્થ ( શારીરિક સન્માન પૂજન પામે છે આહાર સુખાસનાદિ ભોગવે છે તેમજ કેટલાંક બાકી રહેલાં અઘાતીકર્મને લઇ ઉપજતી ઇચ્છાઓ ( રાગ દ્વેષવિનાની ઇચ્છાઓ કેમકે રાગદ્વેષરૂપ ઘાતી કર્મ તો દૂર થયાં છે ) પ્રમાણે વર્તે છે. "

શંકા—મુક્તાત્મા અઘાતી કર્મને લઇ ઉપજતી ઇચ્છાઓ પ્રમાણે વર્તે છે–એમ લખ્યું છે તે જૈનશાસ્ત્રોના આધારે કેવળીને કે જે મુક્તાત્મા કહેવામાં આવે છે તેને ઘટી શકતું નથી. મોહનીય કર્મવિના ઇચ્છા ઉત્પન્ન થતી નથી. રાગદ્વેષવિનાની ઇચ્છાઓ હોતીજ નથી એમ કર્મગ્રન્થ, ભગવતી, તત્વાર્થ, સૂત્ર આદિ અનેક શાસ્ત્રોના આધારે જાણી શકાય છે તેમ છતાં અઘાતી કર્મને લઇ ઉપજતી ઇચ્છાઓ એવું લખ્યું છે તે યોગ્ય સમજાતું નથી. અઘાતી કર્મ ચાર છે તેમાંથી કયા કર્મની કઇ પ્રકૃતિથી ઇચ્છા થાય છે તે પાઠ આપીને જણાવવું જોઇએ તેમજ કેવલીને ભાવમન હોતું નથી તેમ છતાં કેવી રીતે ઇચ્છાઓ થાય છે તે જણાવવું જોઇએ તેમજ રાગદ્વેષવિનાની ઇચ્છાઓ કયા શાસ્ત્રમાં લખી છે તે જણાવવી જોઇએ તેમજ ઇચ્છાનું શું લક્ષણ છે તે પણ જણાવીને સમાધાન કરવાની જરૂર છે. જૈનશાસ્ત્રોના આધારે તેરમા ગુણઠાણે અઘાતી કર્મને લઇ ઇચ્છાઓ થતી નથી એમ સિદ્ધ થાય છે તેમ મનસુખભાઇ વિચારે તો બેસી શકે તેમ છે ::અને જો એમ તેમને બેસે તો લેખમાં સુધારો કરવો જોઇએ નહિ તો બુદ્ધિપ્રભા વગેરે જૈનમાસિકમાં તે બીના જૈનશાસ્ત્રોના આધારે સિદ્ધ કરી બતાવશે એવી આશા છે.

લેખક. શોધક.

---

# બોર્ડીંગ પ્રકરણ.

૧૦—૦—૦ શા. લલ્લુભાઇ વખતચંદની વિધવાના સ્મણાર્થે શા. છોટાલાલ લલ્લુભાઇ
હ. મહેતા. હીરાલાલ મુલચંદ અમદાવાદ.

૨૬૩—૦—૦ શ્રી વલસાડના સંઘે બોર્ડીંગના માટે ટીપ કરી તેમાં નીચેના સદ્‌ગૃહસ્થોએ નીચે મુજબ રૂપિઆ ભર્યા તેની વિગત વલસાડ.

| | |
|---|---|
| ૫૧ ) શા. કેશરભાઇ રામાજીની દુકાનતરફથી શા. નાનચંદ કેશરજીના સ્મણાર્થે. | ૪) શા ભાણા નથુજી હ. ભીમભાઇ |
| | ૩) શા હીરાચંદ નથુજી. |
| | ૨) શા નથુભાઇ મોતીજી ભાગડાવાળા |

૨૫ ) શા. ગાંડાભાઇ દેવચંદના સ્મરણાર્થે હા. ગુલાબચંદ.
૨૫ ) બાઇ નાથીના સ્મરણાર્થે હ. શા. નાથાલાલ ખુમચંદ.
૨૧ ) બાઇ. વજીઆના સ્મરણાર્થે હ. શા. ગાંડાભાઇ ગુલાબચંદ.
૨૧ ) શા. લલ્લુભાઈ ગોવનજીના સ્મરણાર્થે હ. શા. મોતીચંદ ગોવનજી.
૧૫ ) શા. હરચંદ ખીમાજી હ. ટેકચંદ.
૬૦ ) શા. રાયચંદ નાનચંદ હ. મગનલાલ.
૧૦) શા.માનાજીજેઠાજીહ.કપુરચંદ.
૫) શા. હીરાચંદ મોતીચંદ.
૫) શા. મેગાજી વાલાજીના રાયચંદ મેગાજી.
૫) બાઇ વજીઆના સ્મરણાર્થે હ. પ્રાગજી.
૨) શા. પ્રાગજી વીરચંદ.
૫) શા. ચેલાજી તારાજી.
૫) શા. હીરાચંદ તીકમજી.હ.કપુરચંદ.
૭) શા ભગવાન ડુંગરજી કલવાડના હ. જેચંદભાઇ.
૨) શા ચતરાજી ટેકચંદ હ.ડાહ્યાભાઇ.
૧) શા. નગીનચંદ ઝવેરચંદ.
૧) શા ઝવેરચંદ દલીચંદ હ. નાગરદાસ.
૧) શા. રાયચંદ નથુજી.
૧) શા. હરચંદ ડાહ્યાજી.
૫) શા. વીરાજી પ્રાગજી હ. રાયચંદ વીરાજી.
૫) શા. કેશરીચંદ વીરચંદ.
૧૦)શા.ભાણાભાઇનાનચંદહ.ગાંડાભાઇ.
૫)બાઈ.ભાણીતેશા. પાનાચંદ ગોવનજીનીવિધવાનાસ્મરણાર્થે હ.પ્રેમચંદ.
૫) બાઇ બેનકોરના સ્મરણાર્થે હ. પ્રાગજી વીરચંદ.
૫) શા. ગુલાબચંદ. ચેલાજી.
૫) બાઇ વીચકોર.

૨૬૩—૦—૦

૫૦—૦—૦ શા. વાડીલાલ ખેમચંદ હ. શા, લખમીચંદ જેઠાભાઇ. અમદાવાદ.
૧—૦—૦ શા. બાલાભાઇ જોઈતાદાસ હ માસ્તર. હીંમતલાલ મગનલાલ. વસો.
૬૦૦—૦—૦ શ્રી. મુંબાઇના મોતીના કાંટાના ટ્રસ્ટીઓ તરફથી શેઠ. હિરાચંદભાઇ નેમચંદભાઇ બા. દર માસે રૂ. ૧૫૦) પ્રમાણે કાયમ આપવા કહેલા તે મુજબ માસ જેઠ, અશાડ પહેલો, અશાડ બીજો, તથા શ્રાવણના હા. ઝવેરી રતીલાલ લાલભાઇના જવાબથી ઝવેરી. ડાહ્યાભાઇ કપુરચંદ. મુંબાઈ.

**જમણ**—તા. ૧૧—૯—૧૯૧૨ ( મહાવીર સ્વામીના જન્મદિવસે ) ના રોજ ફીકાભટની પોળવાળા શા. કેશવલાલ ધરમચંદને ત્યાં વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

૨. તા. ૨૪-૯-૧૯૧૨ ના રોજ શ્રી વજેદેવસુરીનો ગચ્છ જમ્યો તે પ્રસંગે વિદ્યાર્થીઓને જમવાનું હતું.

૩ તા. ૨૫—૯—૧૯૧૨ ના રોજ પંચભાઇની પોળવાળા શા. પ્રેમચંદ કેશવલાલ તરફથી જમણ આપવામાં આવ્યું હતું.

## स्वीकार.

**રાજકુમારી શુદર્શના** શા. શોમચંદ ભગવાન તરફથી. અમદાવાદ.
**નારીદર્પણમાં નીતિવાક્ય ભા. ૧ લો** સો. બ્હેન રંભા રામજી તરફથી ભાવનગર.
**દ્વાદશ વ્રત પૂજા** ફતેચંદ ઝવેરભાઇ તરફથી, " "

( અભિપ્રાય હવે પછી )